Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૨ • વર્ષ : ૭૯ • ૧૦ મે, ૨૦૨૫

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026

## ૫ જૂન, ૨૦૨૫ વિશ્વ પર્યાવરણ દિવસ
## પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો



## અનુક્રમણિકા

અંક–૨ ● વર્ષ : ૭૯
૧૦ મે, ૨૦૨૫

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

**સંપાદક મંડળ**

* ઘનશ્યામભાઇ એચ. અમીન
* ભીખાભાઇ જ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

સહકારિતા અને યુવાનોનું સ્વર્ણિમ ભવિષ્ય ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય – બીજ વાવશે, ઉગશે અને ઉગારશે
– શ્રી દિલીપ સંઘાણી ૩

હવે સહકારથી જીવન અને અર્થતંત્ર થશે વધુ સક્ષમ
– પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી ૬

કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીથી પરિવર્તન
– પ્રોફે. ડી. બી. ગોટી ૮

૨૪મી મે વિશ્વ સ્કીઝોફ્રેનિયા દિન
ઉન્માદ અવસાદના ઉપચારમાં યોગાભ્યાસ
– શ્રી કિરણ ચાંપાનેરી (યોગ સાધક) ૧૧

ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉદય:
ખેતીને નવી ઊંચાઈઓ તરફ લઈ જતું સાધન
– શ્રી જય ઠક્કર ૧૮

સહકારી ક્ષેત્રમાં મહિલાઓનું મજબૂત યોગદાન
– શ્રી દિપ્તી ડી. રાજપૂત ૨૨

“વડીલોની વેદના : નવી પેઢીનું ઉડાવપણું”
– શ્રી નવીન વી. વાછાણી ૨૬

દુનિયાને બચાવવા કાર્બન ડાયોક્સાઈડનો જથ્થો દરિયામાં ઠાલવવા અનોખો ઉપાય ૨૯

સતત ક્રિયાશીલતાનો સંદેશ આપતું જંતુ (સજીવ) કીડી
– શ્રી વિનોદ એમ. મકવાણા ૩૨

## ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે ‘ગ્રામસ્વરાજ’ મોકલવામાં આવે છે.
* ‘ગ્રામસ્વરાજ’ માસિક તથા ‘સહકાર’ પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને “ગ્રામસ્વરાજ” તથા ‘સહકાર’ વિના લવાજમે મોકલવામાં આવે છે.

સહકારી શિક્ષણ

# સહકારિતા અને યુવાનોનું સ્વર્ણિમ ભવિષ્ય ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય - બીજ વાવશે, ઉગશે અને ઉગારશે

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન અને નેતૃત્વમાં અને દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વડપણ તળે ભારત સરકારનું ક્રાંતિકારી કદમ.**

**આ વિશ્વવિદ્યાલય સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.**

**આ વિશ્વવિદ્યાલય ભારતમાં સહકારી આર્થિક આંદોલનને સુવર્ણ યુગમાં પ્રવેશ અપાવનાર ઐતિહાસિક કદમ સાબિત થશે.**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલયની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે "ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય"ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે "ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય બિલ" લોકસભા અને રાજ્યસભા બંનેમાં પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણૂક થઇ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**દિલીપ સંઘાણી**
ચેરમેન,
(NCUI, IFFCO & GUJCOMASOL
પૂર્વ સહકાર મંત્રી, ગુજરાત)

સમગ્ર વિશ્વ સહકારિતાના શ્વાસોશ્વાસથી સભર છે, સહકારના ઉદ્દમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમ છતા સને-૧૯૦૪માં ઔપચારીક સમિતિઓના ગઠન સાથે નીતિ-નિયમોના પ્રારંભનો પથ કહી શકાય. ભારત પાસે સહકારિતાનો જૂનો અને મજબૂત વારસો છે જે દેશના વિકાસને અને સામાજિક જીવનધોરણને સ્પર્શે છે.

સહકારી પ્રવૃતિ લોકાભિમુખ જરૂર છે, યુવા શક્તિને આવકારી રહી છે, બદલાવ ઈચ્છી રહેલ છે. સહકાર સામાજિક ઉત્થાનનું અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી માન.શ્રી અમિતભાઈ શાહ ભારતની સહકારી પ્રવૃતિ પર ભાર આપી રહ્યા છે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ “ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય”ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે. આ ક્ષેત્ર આપણું સૌનું છે આપણે સૌ તેમા સંકળાયેલ છીએ.... સમાયેલ છીએ.... સહયોગી છીએ....

વ્યાવસાયીક શિક્ષણની ઉણપને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડિજિટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકારને વેગ અને સહકારમાં યુવાનોનું પર્દાપણ છે.

ગુજરાતની સહકારી પ્રવૃત્તિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃત્તિથી ઓજસ્વી છે; તેમાં હવે ભારતની યુવા પ્રતિભાઓને સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે. જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

સહકારી અને સાર્વજનિક વિકાસમાં યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓમાંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાય માટે પ્રયાસ ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય “સહકારથી સમૃધ્ધિનો” માર્ગ બનશે જેમાં પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે. વિશ્વ વિદ્યાલયના ડિગ્રી શિક્ષણમાં યુવાનોની સામેલગીરી સહકારને નવી શક્તિ પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે - વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.

ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વવિદ્યાલય સહકારી શિક્ષણને એક નવી ઊંચાઈ સુધી લઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક, આધુનિક અને અસરકારક બનશે.

૧૯૨૧માં આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મૂલાકાત બાદ દુર્ગાબાઈના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યું, સ્વદેશી કપડાં તૈયાર થયા, લોકો ખરીદી કરવા લાગ્યા, ગામડાંને રોજગારી મળી અંતે સ્વદેશી કપડાં એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુર્ગાબાઈને મળીને તેમનામાંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શક્તિશાળી સહકારી પ્રવૃત્તિ જેને હવે સમગ્ર દેશમાં નવી દિશા આપવાનું કામ કરશે ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિ. જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે.

ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનું કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. માનનીય પ્રધાનમંત્રીનું સુત્ર ''સહકારથી સમૃધ્ધિ'' ભારત સહિત વિશ્વ સ્વીકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શક્તિમાં સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે.

***સહકારી અને સાર્વજનિક વિકાસમાં યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓમાંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાય માટે પ્રયાસ ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય ''સહકારથી સમૃધ્ધિનો'' માર્ગ બનશે જેમાં પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે. વિશ્વ વિદ્યાલયના ડિગ્રી શિક્ષણમાં યુવાનોની સામેલગીરી સહકારને નવી શક્તિ પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે - વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.***

સહકારાથી સમૃધ્ધિ

# હવે સહકારથી જીવન અને અર્થતંત્ર થશે વધુ સક્ષમ

આપણા ગુજરાતમાં ઘણી કહેવતો પ્રચલિત છે, જે પૈકી એક "પંચ કહે તે પરમેશ્વર" પણ છે; મતલબ કે વધુ લોકોનાં મંતવ્ય જે સમાન હોય એ સુખદ પરિણામ તરફ લઈ જાય છે. પંચનો મતલબ પાંચ અર્થાત્ બહુધા, આ દૃષ્ટિએ જો બધા એકમત થઈ બધા જ માટે કંઇક ઉમદા કરવા ઇચ્છે તો એ શક્ય બની જાય છે; ત્યાં પરમેશ્વર પણ સહાય અવશ્ય કરે છે. કોરોના પછીના ચાર વર્ષ બાદ જનજીવનમાં વ્યાપક અંજપો, વ્યગ્રતા, તણાવ, વ્યસન, કટ્ટરતા, ક્રુરતા સતત વધી રહ્યાની અનુભૂતિ સમાજને થઇ રહી છે !! આ બિલકુલ નહીં વાસ્તવિક્તા છે ત્યારે કેન્દ્ર સરકારનું સહકારિતા મંત્રાલય ઊંચી અપેક્ષાઓ તથા આયોજન લઈને આવ્યું છે જેના પાયામાં સમૃધ્ધિના બીજ છે. લોકો જ લોકોના કામ કરે અને પૂરા રાષ્ટ્રમાં નવી ચેતના તથા શક્તિનો સંચાર થાય તો પ્રત્યેક નાગરિકને તેના ફળ પ્રાપ્ત થાય, ગામડાઓમાં નવી નવી પ્રવૃત્તિઓ, ઉદ્યોગ, વ્યવસાય - કમાઉ ધંધાનો વ્યાપ વધે એ માટે સેવા સહકારીથી લઇ બેંકો અને સરકાર આ માટે લયબધ્ધ કામ કરે તો સમૃધ્ધ ભારત બનવામાં કોઇ વિઘ્ન નડે નહિ તેવું સરકારશ્રીનું પણ મંતવ્ય છે અને આ માટે વિવિધ પ્રકારના પ્લાનિંગને અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. સર્વજન સુખાયનો મૂળ ઉદ્દેશ હાંસલ કરવામાં નવી ટેકનોલોજી - નવા કાર્યો અને સાથે સહકારનું બળ એમ ભેગા મળી જનહિત વ્યાપક કરવાના પ્રયાસોની નોંધ લેવી ઘટે. આધુનિક યુગમાં ઉપકરણો સુંદર મલ્યા છે. કૌશલ્યવર્ધન દ્વારા આયોજન સક્ષમ થઇ શકે તેમ છે. નાબાર્ડ તથા સહકાર બન્ને આ મિશનમાં પુષ્કળ સહાય તથા તેનું યોગદાન આપી રહ્યાં છે. અને તેમાં રૂકાવટ આવવાની પણ કોઇ શક્યતા નથી. સહકારી માળખું ખૂબ જ વિશાળ છે એ તેની શક્તિ છે !! નબળાઇઓ ઉપર ધ્યાન દઇ તેને દૂર કરાશે જેથી તક નિર્માણ સરળ બનશે. પડકારો તો પ્રત્યેક પગલે જીવનમાં પણ આવતા રહે પરંતુ તેને હલ કરવા મંત્રાલય કટિબધ્ધ છે. સહકારથી સમૃધ્ધિના માર્ગ ઉપર ઝડપથી સહેતુક આગળ વધવામાં નીચેના મહત્વના એક્શન પોઇન્ટ ગણી શકાય

**પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી**
ફેકલ્ટી મેમ્બર
NICM, ગાંધીનગર
મો. ૯૯૨૪૫૪૯૭૪૯

- ત્રિભુવન યુનિવર્સિટી - શરૂ થવા જઇ રહી છે જેમાં સહકાર મુખ્ય અંગ અને લક્ષ્ય રહેશે.
- ગ્રામ્ય અંગ અને લક્ષ્ય રહેશે.
- ગ્રામ્ય કક્ષાથી શહેરો સુધીમાં કો-ઓપ. સંસ્થાઓને વિવિધ કાર્યોમાં ક્રમશઃ પ્રયુક્ત કરવામાં આવશે.
- તમામ મંડળીઓને કોમ્પ્યુટર્સ સિસ્ટમથી કાર્ય કરાવી તેમાં ઝડપ, પારદર્શિતા, મજબૂતાઇ આપવાની નેમ છે. જે માર્ચ ૨૦૨૭ સુધીમાં હાંસલ કરવાનું ધ્યેય છે.
- નવા આદર્શ બંધારણની પણ ઉપલબ્ધિ કરવામાં આવી રહી છે.
- જન સેવાના સેવાકીય કાર્યો સહકારી માળખા દ્વારા પૂરા પાડવાનું લક્ષ્ય છે.
- શહેરી વિસ્તારોમાં સખી મંડળોને સહાય કરી સેવા પ્રવૃત્તિ સાથે કમાણી પ્રાપ્ત થાય તેવા આયોજન ઉપર કામ થઈ રહ્યા છે.
- કૃષિ આનુષંગિક પ્રવત્તિઓનો વ્યાપ વધારવો અને કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન જેમાં વિવિધ કાર્યોમાં સહકારિતાની સહાયતા મળે તેવા આયોજનને અમલી બનાવવા જનજીવનમાં પ્રત્યેક પ્રસંગમાં સહકાર એક મુખ્ય ચાલક યા સહાયક એકમ બની રહે તેવા હેતુ રાખવામાં આવ્યો છે.
- છેવાડાના વિસ્તારોમાં કાર્ય તક બધાને મળી રહે તેવું પણ સ્વાયોજન આ માળખામાં રાખવામાં આવ્યું છે.
- જરૂર જણાય ત્યાં ઉચિત કાનૂની પરિવર્તનો પણ કરવામાં આવશે જેનો મૂળ હેતુ વિસ્તૃત જનહિત હશે.
- સમયાંતરે આકલન કરી સઘન રીતે સહકારિતાના ફલકને વિસ્તારવામાં આવશે. તાલીમ અને કુશળતા માટે પણ નાબાર્ડ ઉચિત કામોને વેગ આપશે અને તેનું ચિંતન કરશે.

આ રીતે હવે ભારતમાં સહકારિતાને સમૃધ્ધિનો રાજમાર્ગ બનાવવાની સરકારશ્રીની કટિબધ્ધતા છે અને આપણે અપેક્ષા રાખીએ કે બધા લોકો બધાના માટે દિલથી વિચારી કાર્ય કરશે તો ભારત વિશ્વમાં વધુ નામ અને ખ્યાતિ જરૂર મેળશે.

શેર આસ્વાદ

દોડી ગયા છે જે એમને શું ખબર કે
સાથે ચાલવાની મજા કેવી હોય છે.

ખેતી માવજત

# કૃષિ ક્ષેત્રે ટેક્નોલોજીથી પરિવર્તન

પરિવર્તન એ સંસારનો નિયમ છે. સામાજિક, વહેવારિક, વેપાર, ધંધો, ખેતી અને જીવન ધોરણ આ દરેકમાં પરિવર્તન આવી રહ્યું છે. દરેક ક્ષેત્રમાં નવી નવી ટેક્નોલોજી આવી રહી છે, સમય સાથે તાલ મિલાવવા પરિવર્તન જરૂરી છે. ઉત્પાદકીય યુનિટ હોય, વેચાણ પ્રક્રિયા હોય, નવી કોઈ પ્રોડકટનું ઉત્પાદન કરવું હોય, નવી પ્રોડકટ બજારમાં મૂકવી હોય કે સેવાકીય સેક્ટર હોય આ દરેકમાં નવી નવી ટેક્નોલોજી આવી રહી છે. ઘર વપરાશની વસ્તુ ખરીદવી હોય, કપડાં, ડ્રેસ કાપડ ખરીદવું હોય કે કોઈ વાહન ખરીદવું હોય આમાં પણ ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે છે. બેંકિંગના કોઈપણ કામ ટેક્નોલોજી દ્વારા થઈ રહ્યાં છે. આજના સમયમાં વેબસાઈટ, વોટસઅપ, વિડીઓ કોલ, ઈન્સ્ટ્રાગ્રામ, ઈ-મેઈલ વિગેરે માધ્યમથી કોઈપણ ધંધામાં આગળ વધી શકાય છે. ટેક્નોલોજીના માધ્યમથી સમય બચાવી શકાય છે. પ્રત્યક્ષ જાણકારી મેળવી શકાય છે. સામેથી પ્રતિભાવ પણ ઝડપથી મેળવી શકાય છે. એકંદર વહીવટી ખર્ચ ઘટાડી ધંધાનું ફલક વધારી શકાય છે. ઉત્પાદક / વેપારી અને ગ્રાહક વધુ નજીક આવી શકે છે.

**પ્રોફે. ડી. બી. ગોટી**
ફેકલ્ટી મેમ્બર,
NICM, ગાંધીનગર

કૃષિ વિકાસની વાત કરીએ તો કૃષિ વિકાસના મુખ્ય ઘટક એવા ખેત મશીનરી, ખેતી ઈન્પુટ્સ, ખેતી માવજત, ખેતપેદાશ ગ્રેડિંગ પેકિંગ, રૂપાંતરણ, ઉત્પાદન મૂલ્યવર્ધન, ખેતી પેદાશ વેચાણ વ્યવસ્થા આ દરેકમાં ટેકનોલોજીથી કામગીરી કરીને કૃષિ ક્ષેત્રે પરિવર્તન આવી શકે છે. સાથે સાથે નવીનતમ ખેતી માવજત, નવા પાકો આ દરેકમાં ટેક્નોલોજી આવી રહેલ છે. જેના દ્વારા કૃષિ વિકાસમાં સારી એવી સફળતા મળેલ છે. જે નીચેની વિગતે આપણે વિગતવાર સમજી શકીશું.

**ખેતી ઈન્પુટ્સ :-**

ખેતી ઈન્પુટ્સ ખેતી માટે પાયાની અને અગત્યની બાબત છે. સારું બિયારણ, ખાતર, પાક સંરક્ષણ દવા, ખેતીના નાના મોટા ઓજારો, નાની સાધન સામગ્રી આ

દરેક વસ્તુ કયાંથી મળશે, કયાં સારી મળશે કેટલા ભાવથી મળશે આ દરેકની ખાસિયતો લાક્ષણિકતા અને ઉપયોગિતા કેવી રહેશે. તેમજ ડીલીવરીની વ્યવસ્થા કેવી રહેશે વિગેરે દરેક બાબત વેબ સાઈટ, વોટ્સઅપ યુટ્યુબ વિગેરે દ્વારા ઘરે બેઠાં જોઈ શકાય છે. ખેડૂતને બજારમાં ફરવાની જરૂર રહેતી નથી. એક કરતા વધુ કંપની સાથે પરામર્શ કરીને ઓછા ભાવથી ઘેર બેઠા માલ કે વસ્તુની ડીલીવરી મેળવી શકે છે. આમ આ ટેક્નોલોજીથી સમય બચે છે. સારી ગુણવત્તાવાળા સાધનો મેળવી શકાય છે. એક કરતા વધારે કંપનીઓ સાથે પરામર્શ કરી પસંદગીનો સારો મોકો મળે છે. આ બધી જ વસ્તુ ઘેર બેઠાં થઈ શકે છે. જે ટેક્નોલોજીને આભારી છે.

**ખેતી માવજત :-**

ખેતી માવજતમાં નવી નવી ટેકનોલોજી આવી રહી છે, સારી ગુણવત્તાવાળુ એકમદીઠ ઉત્પાદન વધારે મેળવવું. ખેતી ખર્ચ ઘટાડી ખેતમાં નફો વધારવો. ઓફ સિઝનમાં ઉત્પાદન મેળવવું આ દરેક માટે પાકના વાવેતરથી લઈને તેના ઉત્પાદન સુધીની જે માવજત આપવામાં આવે છે તે માવજતની જાણકારી મેળવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ જરૂરી છે. કૃષિ યુનિવર્સિટીની ભલામણો, નવી ખેતી પદ્ધતિ, સફળ થયેલ ખેડૂતની વાત, નિદર્શન ફાર્મ, વિગેરે દરેકની જાણકારી ટેક્નોલોજીના માધ્યમથી મેળવી શકાય છે. આના માટે ખેડૂત ઈ-મેઈલ, વોટસઅપ, ઈન્સ્ટ્રાગ્રામ, વેબસાઈટ, યુ ટ્યુબ, વિડીઓ કોલ વિગેરે દ્વારા ઘેર બેઠાં માહિતી મેળવી તે મુજબ માવજત આપી શકે છે. ઊભા પાકમાં રોગ જીવાતનું આક્રમણ હોય તો તે અંગે પણ પાકની પરિસ્થિતિનો વિડીઓ કે ફોટો પાડી કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતોને મોકલી તેની પાસેથી માહિતી-માર્ગદર્શન મેળવી શકે છે. આમ ખેતી માવજત અંગેની કોઈપણ માહિતી માર્ગદર્શન ઘેર બેઠાં મેળવી શકાય છે.

**ખેત પેદાશ મૂલ્યવર્ધન :-**

ખેત પેદાશના સારા ભાવ મેળવી શકાય તે માટે તેનું મૂલ્યવર્ધન કરવું જરૂરી છે. પાક વાઈઝ કરવામાં આવતી મૂલ્યવર્ધનની કામગીરી જેમ કે શોર્ટીંગ, ગ્રેડિંગ, પેકિંગ, પ્રોસેસિંગ વિગેરે કામગીરીની જાણકારી ટેક્નોલોજીથી મેળવી શકાય છે. જરૂરી મશીનરી, ખર્ચ, માર્કેટિંગ આ બાબતનો લાઈવ ડેમોસ્ટ્રેશન પણ ટેક્નોલોજીથી મેળવી શકાય છે. ખેત પેદાશના મૂલ્યવર્ધનમાં ટેક્નોલોજી ખૂબજ અગત્યનું માધ્યમ બની રહેલ છે.

**ખેત પેદાશ વેચાણ વ્યવસ્થા :-**

ખેત પેદાશના સારા ભાવ મેળવવા માટે પોતાની પ્રોડકટ ગ્રાહક વર્ગ સુધી પહોંચાડવા માટે ડિજિટલ માધ્યમનો ઉપયોગ થઈ રહ્યો છે. જેમ કે ઓન લાઈન ડેમોસ્ટ્રેશન, વિડીઓ દ્વારા પ્રસ્તુતિ, વોટસઅપ, ઈ-મેઈલ, સોશિયલ મીડિયા વિગેરે ડિજિટલ માધ્યમથી ગ્રાહક સુધી પોતાની પ્રોડકટ પહોંચાડી ગ્રાહકોમાં આકર્ષણ ઊભું કરી પ્રોડકટની માંગ વધારી સારા ભાવ મેળવી શકાય છે.

જુદા જુદા માર્કેટિંગ યાર્ડમાં ખેત પેદાશની આવક, ઊંચા - નીચા ભાવ વિગેરે બાબત ટેક્નોલોજીના માધ્યમથી માહિતી મેળવી જ્યાં સારા ભાવ રહેતા હોય તે માર્કેટિંગ યાર્ડમાં પોતાની ખેત પેદાશ વેંચી શકાય છે. પોતાના ખેત પેદાશની ઉંચી ગુણવત્તા અંગે ગ્રાહક વર્ગને પ્રોત્સાહિત કરી શકાય છે. આમ છૂટક ગ્રાહકોમાં તથા માર્કેટિંગ યાર્ડમાં સારા ભાવ મેળવવા માટે ડિજિટલ માધ્યમ ખૂબજ સારું ઉપયોગી નિવડી રહેલ છે.

**ખેડૂત સહાય યોજના :-**

ખેતી વિકાસ, નવીનતમ ખેતી, બાગાયતી પાકો ખેતીના ઓજારો, પિયત સવલત, ખેતપેદાશ સંગ્રહ વ્યવસ્થા, માર્કેટિંગ અને રૂપાંતરણની કામગીરી, વરસાદના પાણીનો સંગ્રહ વિગેરે માટે ભારત સરકારશ્રી અને ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી ખેડૂતોને સહાય આપવામાં આવે છે. આ સહાયની તમામ વિગત જેમ કે સબસીડીનું ધોરણ, ખેડૂત ની પાત્રતા અરજી કયાં કરવી અને કરેલ અરજીનું સ્ટેટસ વિગેરે બાબતે સરકારશ્રીએ વિકસાવેલ ખેડૂત આઈ-પોર્ટલના માધ્યમથી તમામ માહિતી ઓનલાઈન મળી શકે છે. ખેડૂતે કોઈ ઓફિસમાં કે અન્ય કોઈ જગ્યાએ જવાની જરૂરી રહેતી નથી. ટેક્નોલોજી ના માધ્યમથી ઘેર બેઠાં આ જાણકારી મેળવી જરૂરી સહાય મેળવવા આગળ વધી શકાય છે.

આજના સમયમાં ખેતી વિકાસના કોઈપણ કામમાં ડિજિટલ ટેક્નોલોજીનું માધ્યમ ઉપયોગી અને આવશ્યક બની રહેલ છે. આજે લગભગ બધા જ ખેડૂતો સ્માર્ટ એન્ડ્રોઈડ મોબાઈલફોન વાપરતા થયા છે. જેના દ્વારા ખેતી વિકાસને લગતી તમામ માહિતી હાથ ઉપર મેળવી રહયા છે. તેનો અમલ અને ઉપયોગ કરીને પોતાની ખેતીમાં સારો એવો વિકાસ સાધી રહ્યા છે, જે નવી નવી ટેક્નોલીજીને આભારી છે. ડિજિટલ ઇન્ડિયાની આ સૌથી મહત્વની સફળતા છે.

જય કિસાન

જય ડિજિટલાઈઝેશન ટેક્નોલોજી

જય સહકાર

યોગદર્શન

## ૨૪મી મે વિશ્વ સ્કીઝોફ્રેનિયા દિન

# ઉન્માદ અવસાદના ઉપચારમાં યોગાભ્યાસ

સોળમી માર્ચ ૨૦૨૫ના રોજ કૃષ્ણનગર ગાર્ડનમાં સવારના યોગ વર્ગનું સમાપન કરી યોગઆસનને સંકેલતો હતો. ત્યાં એક પંચોતેરેક વર્ષના વડીલ મારી પાસે આવ્યા. અને હાથના ઈશારાથી બગિચામાં થોડે દૂર કસરત કરતા પચ્ચીસેક વર્ષના યુવાનને બતાવ્યો. પ્રથમ નજરે તો સાવસામાન્ય લાગે... એ વડીલે વાતનો દોર આગળ ચલાવ્યો... તે ભણવામાં હોંશિયાર. પંચાણું ટકાથી ક્યારેય ઓછું પરિણામ નથી આવ્યું. દસમા ધોરણમાં ધારણા કરતા ઓછા ટકા આવ્યા. તેનો આઘાત લાગ્યો.માનસિક રીતે તે અસ્વસ્થ થઈ ગયો. ત્યારે એની ઉંમર હશે પંદરેક વર્ષ... ઘણા ડૉકટરો પાસે ઘણી દવા કરાવી. ડૉકટરોનું કહેવું છે દવાની સાથે પ્રાણાયામ કરાવો તો પરિણામ સારું આવે...

આ વાત ચાલતી હતી ત્યાં એ યુવાન અમારી પાસે આવ્યો અને મને ઉદ્દેશીને બોલ્યો, ‘‘મારો જન્મ જ દોડવા માટે થયો છે... દરરોજ હું પંદર-સોળ કિલોમીટરના દોડું તો મને ચેન પડતું નથી... મને મારા અંદરથી કોઈ ધક્કો મારી દોડવાની પ્રેરણા આપે છે... રાતે ઊંઘ નથી આવતી. મારા નાનાને સૂતેલા જોઈને મારા મનમાં તેઓનું ગળુ દબાવવાની ઈર્ષા થઈ આવે છે... ત્યારે હું ઓશિકાને મચળી નાખું છું... આ મારા નાના છે. બચપણથી તેમણે મને ઉછેરી મોટો કર્યો...’’

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

એ વડીલનું નામ મનુભાઈ અને યુવાનનું નામ તારક

મનુભાઈ મૂળ વાત ઉપર આવ્યા. તમે તારકને પ્રાણાયામ કરાવશો ?

મનુભાઈ સાથે વાતચીત કરી તારક અંગેની વિગતો જાણી. બીજા દિવસે વહેલી સવારથી મનને શાંતિપ્રેરક પ્રાણાયામ અને આસનના યોગાભ્યાસનો પ્રારંભ કર્યો. યોગાભ્યાસની સાથોસાથ તારક સાથેના સંવાદથી ઘણું બધું જાણવા મળ્યું... છેલ્લા બારેક વર્ષથી માનસિક ઉપચાર ચાલી રહ્યો છે. સતત દોડ દોડ કરવાનું મન થાય... મારે મેરેથોન દોડમાં ભાગ લઈ વિજેતા બનવું છે. આ મારા સ્વપ્નને મારા ઘરવાળા સમજી શકતા નથી, દીવાલ ઉપર મુક્કા મારું અને

માથું ભટકાવું, દૂર દૂરથી મને અવાજો સંભળાય... એકવાર તો મારા નાનાનો પલંગ ઊંચો કરી તેમને ગબડાવી દીધેલા. દિવસમાં બે ત્રણ કલાકે મારામાં ઉન્માદની સ્થિતિ આવે... રાતના બેત્રણ વાગ્યા સુધી ઊંઘના આવે... મારા નાનાને ઘસઘસાટ ઉંઘતા જોઈને મને ઈર્ષા થાય, તેમનું ગળુ દબાવવાની તીવ્ર ઈચ્છા થાય... મારી આ બીમારીના કારણે મારે નોકરી છોડવી પડી.

તારક સાથેના આ સંવાદ અને પછી મનુભાઈ સાથેની વાત પરથી પાકું થયું કે તારક સ્કીઝોફેનિયા રોગનો ભોગ બનેલ છે. સ્કીઝોફેનિયા એક માનસિક ઉન્માદની અવસ્થા છે. આમ તો આ છૂપો માનસિક રોગ છે. સત્તરેક વર્ષની ઉંમરે તેના લક્ષણો પ્રગટવા માંડે. જોકે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

સારવારના ત્રીજા દિવસથી તારકને સવારે બ્રહ્મવેલા મુહૂર્તમાં પાંચથી સવા છ અને સાંજે પોણા છ થી સવાસાત સુધી યોગાભ્યાસ માટે બોલાવવાનું શરૂ કરેલું. સવારના યોગાભ્યાસનો પ્રારંભ ગાયત્રી મંત્રથી, પછી પાંચેક સૂર્યનમસ્કાર, આઠેક મિનિટ શશાંકાસન અને ભૂનમન વજ્રાસનમાં મનના ઉત્કર્ષ ભાવોની ભાવના લાવવાનો અભ્યાસ. પદ્મમાસનમાં જ્ઞાનમુદ્રા, ધ્યાનમુદ્રા, પ્રાણમુદ્રામાં પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામ, ભ્રામરી પ્રાણાયામનો અભ્યાસ પાંચ મિનિટથી વધારતા વધારતાં દસ મિનિટ સુધી કરાવ્યો. સવારે અભ્યાસના અંતે વાંસળીના મધુર સૂર સંગીત સાથે દસેક મિનિટ ધ્યાન અને સાંજે તારક સાથે સંવાદ દ્વારા તેના મનના વિચારોને જાણવા અને ખાલી કરવાનો અભ્યાસ, શવાસનમાં સંધ્યા સમયના પંખીઓના મધુર કલરવ, મંદિરની આરતી અને મસ્જિદની અઝાનના અવાજો સંભળાવ્યા...

નવમા દિવસે સાંજે તારક યોગ અભ્યાસ માટે આવ્યો. ચહેરા પર ચમક અને મુસ્કુરાતા મુસ્કુરાતા તે બોલ્યો, "મારે થોડી વાત કરવી છે. છૂટતી વખતે પાંચેક મિનિટ આપશોને ?" અટલે મેં તેને કહ્યું, "છૂટતી વખતને બદલે અત્યારે જ કરી દેને એટલે મન ખાલી થઈ જાય. અને શવાસનમાં હળવા ફૂલ રહેવાય."

"તમારી અને મારી જીત થઈ છે. આજે ચારેક વાગે તડકામાં બૂટમોજા પહેરી દોડવા માટે મેદાન ઉપર પહોંચ્યો. પણ ત્યાં તમે કરાવેલા સંકલ્પો યાદ આવ્યા.. હું ઝાડ નીચે બેઠો બેઠો મેદાનને જોયા કરું. તડકાને જોયા કરું. અંદરથી દોડવાના ધકા વાગે... તો તમારા સંકલ્પના શબ્દો મનમાં ગૂંજે. પોણી કલાક આવું થયું. પણ હું આજે ના દોડ્યો. સાચું કહું છું હો...અને ઘરે જઈ સ્નાન કરી અહીં આવ્યો."

તારકનું સ્વપ્ન અને મહત્વાકાંક્ષા છે મેરેથોનમાં પ્રથમ વિજેતા બનવાનું. તેના માટે તે સતત દોડદોડ કરે છે. રાતદિવસ જોયા વગર ગમે ત્યારે ઉંઘમાંથી જાગીને મેદાન પર, રોડ ઉપર, દિવસે ધોમધખતા તડકામાં અમદાવાદના ટ્રાફીકવાળા રસ્તાઓ ઉપર દોડે. પોલીસ સાથે સંઘર્ષ થાય. પોલીસ તેને માર મારે. તો અસામાજિક તત્વો તેનો મોબાઈલ, કિંમતી વસ્તુઓ લઈ લે અને કપડાં પણ ફાડી નાખે અને ધોલધપાટ કરે. આના કારણે તારકના નાના અને નાની, માતાપિતાને પણ ઘણી મુશ્કેલી પડે... આ સમસ્યાના ઉકેલ માટે સાંજના શવાસન દરમ્યાન તેના સ્વપ્નને સાકાર કરવા માટે તેની અને પરિવારની સલામતીની ભાવના સમજાવી. અને સલામત સમયે, સલામત સ્થળે અને સલામત રીતે દોડવાનો સંકલ્પ કરાવ્યો હતો. આ સંકલ્પથી દોડવાનું તો બંધ થયું હતું.

યોગઅભ્યાસના પંદરેક દિવસ થયા હશે. કૃષ્ણનગરના ગાર્ડનમાં તારકના નાના મનુભાઈ મળ્યા... તેમણે જ તારકના વર્તનમાં આવેલા પરિવર્તનની વાત કરી. દોડવા જવાનું તો બંધ થયું છે. પણ હજુ મનમાંથી દોડવાના અને મેરેથોનમાં વિજેતા થવાના વિચારો નીકળતા નથી. દિવસમાં બે-ત્રણવાર તો તારક ઉન્માદની અવસ્થામાં આવી અને દોડવાની વાતો કરવા માંડે છે...

તારકને વાંચનનો શોખ. હનુમાનજીમાં તેની અતૂટ શ્રધ્ધા. હનુમાન ચાલીસ કંઠસ્થ. એટલે યોગાભ્યાસના પ્રારંભની પ્રાર્થનામાં હનુમાન બેઠકમાં તારક પાસે હનુમાન ચાલીસાનો પાઠ શરૂ કરાવ્યો. પણ હનુમાન બેઠક, હનુમાન આસનમાં તારકના હાથ ધ્રુજે, શરીર સ્થિર ન રહે... એટલે તેના ખોરાક અંગેની વિગતો જાણી.. દિવસમાં ત્રણત્રણ કલાકે આવતા ઉન્માદ, આવેગોને શાંત પાડવા માટે તારકને દરરોજની સત્તરેક એલોપેથીની ગોળીઓ લેવી પડે. આ દવાઓ એટલે એક પ્રકારે નાર્કોટિક્સ ડ્રગ્સ જ સમજોને. આ દવાઓએ તેના પાચનતંત્ર ઉપર પણ ઘણી માઠી અસર કરેલી. તેને ખાવું ના ભાવે, જમવા બેસે તો થોડું ખાઈને ઊભો થઈ જાય... આમ પુરતો ખોરાક લેવાયો નહીં અને દોડવાના કારણે શરીરમાંથી શક્તિ ઓછી થતી જાય. એટલે તારકને કેલરીનો હિસાબ સમજાવ્યો... જેટલા પ્રમાણમાં તેના શરીરને કેલરીની જરૂર છે તેટલી કેલરી તેને મળતી નથી.અપુરતા ખોરાકને કારણે જરૂરી કેલરી ન મળતા શરીરમાં અશક્તિ વરતાય, શરીર સ્થિર ના રહે. તેથી તારકના દૈનિક આહારપાણીનું આયોજન કર્યું.તેને ભાવતા શાકભાજી, ફળો અને અનાજ કઠોળની માહિતી તેની સાથેના સંવાદમાંથી મેળવી. અને તે પ્રમાણે સવાર, બપોર અને સાંજનાં આહારની વ્યવસ્થા કરી... પછી તો આવતા

વેત જ આજે તો ટમેટા, કાકડી દ્રાક્ષનો સલાડ ખાધો. બપોર જમ્યા પહેલા પાણી જેવી દાળનો એક વાટકો પીધો. ત્રણેક રોટલી અને દાળભાત શાક ખાધા... સાંજે થોડી ખીચડી ખવાઈ...

પંદરેક દિવસનું પરિણામ... મને રાત્રે ભયંકર બિહામણાં નાઈટમેર આવતાં હતાં. તે બંધ થયા. હવે ઊંઘ પહેલાં કરતાં સારી આવે છે. ચારપાંચ દિવસે માંડમાંડ ઝાડો ઉતરતો હતો.તે દરરોજ ઉઠતા વેંત સંડાસ જવું પડે છે. કબજિયાતની સમસ્યાનો ઉકેલ આવ્યો... આમ, તારકના ઉન્માદ-સ્કીઝોફેનિયા રોગનો ઉપચાર પ્રમાણેના યોગાભ્યાસ અને આહારવિહાર દ્વારા ચાલ્યો... જોકે તારક સંપૂર્ણપણે સ્કીઝોફેનિયાના રોગમાંથી મુક્ત તો નથી થયો. પણ સતત આઠેક માસ યોગાભ્યાસ કરવામાં આવે તો જરૂર ધાર્યું સારું પરિણામ મળે...

**હવે વાત કરીએ સ્કીઝોફેનિયા રોગ અંગે...**

યુવાનીને ખતમ કરતા, દર્દી તથા પરિવારને પારવાર મુશ્કેલીમાં મુકતા સ્કીઝોફેનિયા રોગ અંગે લોકોમાં ખાસ જાગૃતિનો અભાવ જોવા મળે છે. આ રોગ અંગે લોકોમાં સાચી સમજણ અને જાગૃતિ આવે તે હેતુસર દર વર્ષે ચોવીસમી મે વિશ્વ સ્કીઝોફેનિયા દિન તરીકે ઉજવાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન-WHO ના સર્વેક્ષણ પ્રમાણે દુનિયાની ૮ થી ૧૩ ટકા વસ્તી વિવિધ માનસિક રોગથી પીડાય છે. સને ૨૦૨૫ના આંકડા મુજબ વિશ્વભરમાં ૨૪ કરોડ લોકો સ્કીઝોફેનિયા રોગમાં સપડાયેલાં છે. એટલે કે ૩૦૦માંથી ૧ વ્યક્તિ આ રોગ ધરાવે છે. ૨૨૨ યુવાનોમાંથી ૧ યુવાન સ્કીઝોફેનિયા રોગથી પીડાય છે. આમ વૈશ્વિક વસ્તીના ૦.૩૨ ટકા લોકો જ્યારે વૈશ્વિક વસ્તીના ૦.૪૫ ટકા યુવાનો આ બીમારીનો ભોગ બનેલા છે. અંદાજે ૪.૯ ટકા સ્કીઝોફેનિયા ધરાવતા લોકો આત્મહત્યા દ્વારા મૃત્યુ પામે છે. બીમારીના પ્રારંભિક તબક્કે સૌથી વધુ જોખમ હોય છે.

ભારત દેશમાં એક કરોડથી વધુ અને ગુજરાતમાં છ લાખથી વધુ લોકો આ વણઓળખાયેલા છૂપા રોગ સ્કીઝોફેનિયામાં સપડાયેલ છે. સ્કીઝોફેનિયા એક માનસિક ઉન્માદની અવસ્થા છે. આમ તો આ છૂપો માનસિક રોગ છે. હિન્દી ફિલ્મ ''લગે રહો મુન્નાભાઈ'', ''ભૂલભૂલૈયા'' અને તમિળની ''ચંદ્રમુખી અને છેલ્લી ''અપરિચિતા'' ફિલ્મ સ્કીઝોફેનિયા રોગને સમજાવતી ફિલ્મો છે... આ માનસિક રોગ-સ્કીઝોફેનિયા અંગે સમાજમાં જાણકારીના અભાવે મંત્રતંત્ર, ભૂતભૂવા અને દોરાધાગામાં સમય વેડફાય છે. પરિણામે આ રોગ વકરતો જાય છે. સ્કીઝોફેનિયા રોગ વાણી, વિચાર અને વર્તણૂકનો છે. પરિવારજનો પણ દર્દીની

વાસ્તવિક તકલીફ અને વર્તન સમજી શકતા નથી. તેથી દર્દી વધુને વધુ એકલવાયાપણું અનુભવવા લાગે છે.

વિજ્ઞાન ક્ષેત્રે સંશોધનો થતાં ધીમેધીમે સ્કીઝોફેનિયા રોગના ઘણાં લક્ષણો - પ્રકારો ઓળખાયા છે. જેમાં : (૧) ક્રોનિક સ્કીઝોફેનિયા (૨) બાય પોલર ડિસઓર્ડર જેમાં દર્દીઓમાં સમયાંતરે રોગના લક્ષણો પ્રગટે છે,વિરોધાભાસી વર્તન કરે છે. (૩) એંજાઈટી ડિસઓર્ડર- જેમાં દર્દી ખોટીખોટી ચિંતા કરતો રહે છે. (૪) મેનિયા - જેમાં દર્દી સતત ભયની લાગણી અનુભવતો રહે છે. (૫) કમ્પ્લસીવ ડિસઓર્ડર - જેમાં દર્દી રીપીટેટિવ ક્રિયાઓ કર્યા કરે છે...

આપણી આસપાસ સમાજમાં તારકભાઈ જેવી ઘણી વ્યક્તિઓને જોઈએ છીએ જે સતત બબડતી રહે છે, તો કોઈ સૂનમૂન બેસી રહે છે, તો કોઈ મોટાં મોટાં ખોટાં સપના જોતી હોય છે.ખોટી ભ્રમણામાં રાચતી હોય છે, પોતાને મહાપુરુષ કે ભગવાનનો અવતાર લેખવાતી હોય છે. તો કોઈને સતત અવાજ સંભળાતા રહેવાની ફરિયાદ હોય છે.તો કોઈને મનમાં ચિત્રવિચિત્ર શંકા, ભય રહેતો હોય છે. કોઈને જીવનમાંથી રસ જ ઊઠી જતો હોય છે. આ બધાં લક્ષણોવાળી વ્યક્તિઓને આપણે એટલે કે સમાજના લોકો ગાંડો કે ચસકેલ તરીકે ઓળખાવીએ છીએ.મનોવિજ્ઞાન અને મનોચિકિત્સકના મત પ્રમાણે ડોપામાઈન, સેરોટોનીન, મેલાટોનીન જેવા મગજના રસાયણોનું સંતુલન ખોરવાઈ જવાને કારણે આ બીમારી થાય છે. કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં આ રોગની શરૂઆત થાય છે. તેથી દર્દીની સમગ્ર કારકિર્દી અને જીવન રોળાઈ જાય છે. સાથોસાથ દર્દીના પરિવારની હાલત પણ કપરી કફોડી બની જાય છે. આ પ્રકારના દર્દીઓ દેખાવે, વ્યવહારે આપણા જેવા સામાન્ય, સારા જ લાગે છે, દેખાય છે. પણ વાતવાતમાં તે કયારે શું કરી બેસે તે કહેવું મુશ્કેલ છે.

લાડકોડથી ઉછેરીને, ભણાવી ગણાવી મોટી કરેલી દીકરી કે દીકરો પોતાનાં જ માતાપિતાને દુશ્મન માનવા લાગે, માતાને ડાકણ અને પિતાને રાક્ષસ કહેવા માંડે ત્યારે માતાપિતાની કેવી હાલત થતી હશે ? ! તો ભણાવી ગણાવી મોટો કરેલ દીકરો યુવાવસ્થાએ પહોંચતા તોફાનો કરવા માંડે, પચાસ વર્ષની ઉંમર થાય તો પણ કોઈ જવાબદારી કે જીવનમાં (નિયમિતતા ન હોય, ટી.વી., કોમ્પ્યુટર કે ઘરની કોઈ વસ્તુની તોડફોડ કરવા માંડે ત્યારે પરિવારજનો પર શું વીતતું હશે ? !

સ્કીઝોફેનિયા ભણેલા ગણેલાની બીમારી છે... હૉશિયાર લોકોની મનની બીમારી છે... ડૉક્ટર, સી.એ., એંજિનિયર કંઈક બનવું હતું પણ નહીં બની શકવાની

હતાશામાંથી આ બીમારી થાય છે... વિચારોની બીમારી છે. આ પ્રકારના દર્દીને પોતાનો પરિવાર પણ સારી રીતે સમજી શકતો નથી... સમાજમાં તેને ગાંડો ગણી મશ્કરી કરવામાં આવે છે. ગ્રીક શબ્દ "સ્ટીગમા" એટલે કે લાંચ્છન. આવા દર્દીનો પરિવાર એક પ્રકારે લાંચ્છનથી પિડાય છે. ત્યારે પરિવાર અને સારાયે સમાજને સાચી સમજણ અને જાગૃતિની આવશ્યકતા છે.

**સ્કીઝોફિનિયાના દર્દીઓને યોગાભ્યાસ દ્વારા ઉપચાર :**

સ્કીઝોફેનિયા ધરાવતા લોકો પણ સંપૂર્ણ ઉત્પાદક જીવન જીવી શકે છે. સ્કીઝોફેનિયામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થવું શકય છે. યોગાસન, મુદ્રાઓ, પ્રાણાયામ અને ધ્યાન સ્કીઝોફેનિયાના દર્દીઓની શારીરિક સુગમતા, શક્તિ અને સંતુલન સુધારવામાં ઘણાં જ અસરકારક છે. પ્રાણાયામ નર્વસ સિસ્ટમને શાંત કરે છે. ચિંતા ઘટાડવામાં અને ધ્યાન કેન્દ્રિત કરવામાં પ્રાણાયામ મદદરૂપ થાય છે. ધ્યાનનો અભ્યાસ તનાવ ઘટાડવામાં, માનસિક સ્થિતિ સુધારવામાં અને સુખાકારીની ભાવનાને પ્રોત્સાહન આપે છે. સ્કીઝોફેનિયાના દર્દીઓને અનિંદ્રા, તનાવ દૂર કરવા, ઉન્માદ, ક્રોધ ને ઉત્તેજના ઘટાડવા જ્ઞાનમુદ્રા, પ્રાણમુદ્રા, ધ્યાનમુદ્રા, મુનિમુદ્રા, સૂર્યમુદ્રા, ઉદાનમુદ્રા ઘણી જ લાભકાર, અસરકાર બની રહે છે. શીર્ષાસન, સર્વાંગાસન, પશ્ચિમોતાનાસન, ઉત્તાનાસન, શવાસન, ભૂજંગાસન, જેવા આસનોના અભ્યાસની સાથોસાથ સૂર્યનમસ્કાર પણ લાભદાયક છે. કુંભક વીના ભસ્ત્રિકા, નાડીશોધન, ષણમુખીમુદ્રા, ભ્રામરી પ્રાણાયામ કરાવવાથી મનના આવેગો શાંત થાય છે.

ગુજરાતમાં સ્કીઝોફેનિયાના દર્દીઓની સારવાર માટે કોઈ વ્યવસ્થિત હોસ્પિટલ નથી. આ પ્રકારના દર્દીઓને દવાની સાથોસાથ લાગણી, પ્રેમ, હૂંફ અને નૈસર્ગિક સાનિધ્યમાં રાખવાથી વહેલો સુધારો થાય છે. પણ જો માનસિક રોગની શરૂઆત થયા પછી આ માંદગી પંદરેક વર્ષથી વધુ ચાલે તો દર્દીની સારાસાજા થવાની સંભાવના ઓછી રહે છે. આવા દર્દીના માતાપિતા, વાલી ઘરડા થાય, તેઓની હયાતી ન રહે ત્યારે દર્દીઓનું-સંતાનોનું શું થશે તેવી ચિંતા પરિવારજનોને રહે છે. આવા દર્દીઓના વાલીઓની મૂંઝવણનો માર્ગ બતાવે છે... વલસાડના અબ્રામામાં આવેલ "આત્મવિશ્વાસ વિદ્યાલય.?" ગુજરાતીમાં કહેવાય છે કે "જેને વીતી હોય તે જ જાણે... અને મુશ્કેલીમાંથી માર્ગ મળે"... આત્મવિશ્વાસ વિદ્યાલયના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટીશ્રી બિપીનભાઈ મલિયાએ પોતાના પરિવારના અનુભવ અને વેઠવી

પડતી યાતનામાંથી "આત્મવિશ્વાસ વિદ્યાલય"નું સર્જન કર્યું. તેમને મનમાં થયું કે મારા જેવી આર્થિક સાધનસંપન્ન વ્યક્તિને આટલી આર્થિક અને પારિવારિક મુશ્કેલી પડે છે, તો સામાન્ય ટૂંકી આર્થિક સ્થિતિવાળાનું શું થતું હશે ? આ વિચારમંથનમાંથી સર્જાયું વલસાડમાં "આત્મવિશ્વાસ વિદ્યાલય! વલસાડનું આત્મવિશ્વાસ વિદ્યાલય સ્કીઝોફેનિક દર્દીઓ અને તેમના પરિવારજનો માટે આશીર્વાદ સમાન છે. નેશનલ હાઈવે નં.૮ ની ધરમપુર ચોકડીથી વલસાડ શહેરમાં જવાના રસ્તે મણિબાગ વિસ્તારમાં સોનાસરિતા સોસાયટી, સ્વામીનારાયણ ઈંગ્લિશ સ્કૂલ પાછળ, અબ્રામા ગામે કુદરતના સાનિધ્યમાં આત્મવિશ્વાસ વિધાલય કાર્યરત છે. જેમના માતાપિતા ઉંમરલાયક થઈ ગયા હોય કે દર્દીની સારસંભાળ રાખી શકે તેમ ન હોય અને આત્મવિશ્વાસ વિદ્યાલયમાં આવ્યાં પછી ઘરે પાછા જવાની શકયતા ન હોય તેવા દર્દીઓ માટે તા.૦૪/૦૨/૨૦૧૪ના રોજ ૪૮ દર્દીઓ રહી શકે તેવા "લોંગ ટર્મ હોમની શરૂઆત કરવામાં આવી છે; જેમાં દર્દીઓને જીવે ત્યાં સુધી રાખવાની સુવિધા છે... અને દર્દીના જ્ઞાતિધર્મ પ્રમાણે અંતિમસંસ્કાર પણ આત્મવિશ્વાસ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. માનસિક રોગીઓની સારવાર કરતા અહીંના ડૉકટરોનું અનુભવના આધારે કહેવું છે કે નિયમિત રીતે યોગ્ય ડોઝ અને યોગ્ય ટ્રીટમેન્ટ આપવામાં આવે તો દર્દી પ્રમાણમાં સામાન્ય જીવન જીવવા યોગ્ય થઈ શકે છે. પણ ભવિષ્યમાં પાછી આવી બીમારી ન જ થાય કે થાય જ એવું ખાતરી પૂર્વક કહી શકાય નહીં.

આત્મવિશ્વાસની તાલીમબધ્ધ ટીમ અલગ અલગ થેરાપી જેવી કે યોગ, પ્રાણાયામ, ચિત્રકલા, મ્યુઝિક, ડ્રામા, સમૂહોપચાર, વ્યક્તિગત ઉપચાર અને રમતગમત દ્વારા સારવાર સંભાળ રાખી સ્કીઝોફેનિક દર્દીઓનો આત્મવિશ્વાસ જાગ્રત કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે. સ્કીઝોફેનિક દર્દીઓને તેમના પરિવારજનો આત્મવિશ્વાસમાં મૂકી તો જાય છે. અહીં દવા અને પ્રેમાળ હૂંફ દ્વારા તેઓ સાજાસમા થઈ જાય છે. અમૂક કિસ્સાઓમાં દર્દીઓને તેમના પરિવારવાળા પાછા લેવા કે મળવા પણ આવતા નથી. આવા સંજોગોમાં સાજા થયેલા દર્દીઓ સમાજના પ્રવાહમાં ભળી શકે તે માટે આત્મવિશ્વાસ જનરલ સ્ટોર કાર્યરત છે. જેનું સંચાલન અહીંના કાયમી નિવાસ કરતા દર્દીઓ દ્વારા કરવામાં આવે છે. જે સારવારની એક થેરાપીના ભાગરૂપ જ છે, જેનાથી દર્દીઓમાં હિંમત અને આત્મવિશ્વાસ પ્રગટે છે....

કૃષિ ટેક્નોલોજી

# ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉદય: ખેતીને નવી ઊંચાઈઓ તરફ લઈ જતું સાધન

આધુનિક યુગમાં કૃષિ ક્ષેત્રમાં સતત બદલાતા પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને ટેક્નોલોજીનો ઉપયોગ હવે અનિવાર્ય બની ગયો છે. એવા સમયમાં ડ્રોન ટેક્નોલોજી એ ખેતીમાં એક નવું યોગદાન આપી રહી છે. ડ્રોન એટલે એક એવી રિમોટથી નિયંત્રિત યાંત્રિક મશીન જે ધરતી પર વિના માણસના સંચાલનથી હવામાં ઉડી શકે છે અને વિવિધ કામગીરી ખૂબ જ ચોકસાઈથી કરી શકે છે. પહેલાં આ ટેક્નોલોજીનો ઉપયોગ સેનામાં અને સુરક્ષા માટે થતો, પરંતુ હવે તેનો વ્યાપ કૃષિ ક્ષેત્રમાં પણ ઝડપથી વધી રહ્યો છે.

ડ્રોન ટેક્નોલોજી: એક ઝલક મૂળભૂત સમજણ તરફ

ડ્રોન, જેને ટેક્નિકલ ભાષામાં UAV (Unmanned Aerial Vehicle) કહેવામાં આવે છે, એ એક પ્રકારનું યાંત્રિક ઉપકરણ છે જે માનવ વિના હવામાં ઉડી શકે છે અને રિમોટ કંટ્રોલ અથવા પૂર્વનિર્ધારિત કાર્યક્રમ દ્વારા સંચાલિત થાય છે. ડ્રોન સામાન્ય રીતે બે પ્રકારના હોય છે - ફિક્સ્ડ વિંગ અને રોટર આધારિત. ખેતી માટે સૌથી વધુ ઉપયોગ થતા ડ્રોન મલ્ટિ-રોટર પ્રકારના હોય છે, જેમકે ક્વોડકોપ્ટર (૪ પંખાવાળા) કે હેક્સાકોપ્ટર (૬ પંખાવાળા). એમાં GPS સિસ્ટમ, કેમેરા, સેન્સર, અને દવા છાંટવા માટેના ટાંકા અને પંપ જોડી શકાય છે. કેટલીક એડવાન્સ મોડલ્સમાં થર્મલ કેમેરા કે NDVI સેન્સર પણ હોય છે, જે પાકના આરોગ્યનું અવલોકન કરવાની ક્ષમતા આપે છે.

**જય ઠક્કર**
પ્રિન્સિપાલ
ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,
અમદાવાદ

ડ્રોનના ઉડાન સમય, ક્ષમતા અને વજન આધારિત કેટેગરીઓ હોય છે. સામાન્ય ખેતી માટે વપરાતા ડ્રોન ૨૦થી ૩૦ મિનિટ સુધી સતત ઉડી શકે છે અને દવા છાંટવા માટે અંદાજે ૧૦ થી ૧૫ લિટર પ્રવાહી વહન કરી શકે છે. એમાં રિયલ ટાઈમ વિઝ્યુઅલ ફીડ, ઑટોમેટિક રૂટ પ્લાનિંગ અને ઑબ્જિટકલ અવોઈડન્સ જેવાં ફીચર્સ પણ હોય છે, જેનાથી ખેડૂત સરળતાથી ડ્રોન ચલાવી શકે છે અને ચોક્કસ પરિણામ મેળવી શકે છે.

આ ટેક્નોલોજી હવે એટલી સરળ અને ઉપયોગી બની છે કે તેની તાલીમ માત્ર થોડા દિવસમાં મેળવી શકાય છે, અને હવે મોબાઇલ એપ્લિકેશનથી પણ ડ્રોન ચલાવવાનાં વિકલ્પો ઉપલબ્ધ છે. જેથી નવો ખેડૂત કે યુવા ઉદ્યોગસાથી પણ એ અપનાવી શકે છે.

ડ્રોનના માધ્યમથી ખેડૂત જમીનની ચોકસાઈથી સર્વે કરી શકે છે. જમીનનો નકશો, તેની ઊંચાઈ-નીચાઈ અને ભૌગોલિક માળખું જાણીને યોગ્ય પાક પસંદ કરી શકાય છે. એટલું જ નહીં, ડ્રોન દ્વારા પાક પર દવા અને ખાતર છાંટવાનું કામ પણ ખૂબ જ સરળ બની ગયું છે. પરંપરાગત પદ્ધતિઓમાં ખેડૂતને દવા છાંટવા માટે કંટાળાજનક મહેનત કરવી પડતી હતી, જ્યારે હવે ડ્રોનના માધ્યમથી ઊંચા ક્ષેત્રો કે વધુ વિસ્તૃત ખેતરમાં પણ ઓછો સમયમાં કામ થઇ જાય છે. ખાસ કરીને ઓર્ગેનિક ખેતીમાં જ્યાં દવા અને ખાતરનું નિયંત્રણ ખૂબ જરૂરી છે, ત્યાં ડ્રોનની ભૂમિકા ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

ડ્રોનમાં લગાવવામાં આવતા હાઈ-રેઝોલ્યૂશન કેમેરા પાકના આરોગ્ય પર સતત નજર રાખે છે. પાકમાં કોઈ રોગપ્રતિકાર ક્ષમતા ઘટી છે કે કઈ જગ્યાએ પાણીની અછત છે એ બધું હવામાંથી ડ્રોનના દ્રષ્ટિકોણથી જાણી શકાય છે. આથી ખોટ થવાને પહેલાં તેનું નિયંત્રણ લઈ શકાય છે. આ ઉપરાંત પાકના વિસ્તાર અને વિકાસના આધારે ઉત્પાદન કેટલું મળશે તેનો પણ અંદાજ લગાવી શકાય છે, જે માર્કેટિંગ અને વેચાણ માટે મદદરૂપ થાય છે.

પાણીના સંચાલનમાં પણ ડ્રોન એક ગેમ ચેંજર તરીકે ઉભર્યું છે. ડ્રોન રિમોટ સેન્સિંગ ટેક્નોલોજીથી પાણી ક્યાં વધુ છે અને ક્યાં ઘટ છે તેનું નિરીક્ષણ કરી શકે છે, જેના આધારે સિંચાઈની યોગ્ય યોજના બનાવી શકાય છે. આ બધું ખેડૂતના ખર્ચમાં ઘટાડો કરવાનું કામ કરે છે અને વધુ સારા પરિણામો આપે છે.

હાલમાં ભારતમાં સરકાર દ્વારા ડ્રોન ટેક્નોલોજીને ખેતીમાં અપનાવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ખેતી માટે ડ્રોન ખરીદવા માટે સબસિડી, તાલીમ કે ડેમો પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે. તેમ છતાં અનેક નાના ખેડૂતોએ હજી આ ટેક્નોલોજીને સ્વીકારી નથી. કારણ એ છે કે ડ્રોન ખરીદવાનું પ્રાથમિક મૂલ્ય વધુ હોય છે અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે તાલીમ જરૂરી છે. જો ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન, સહાય અને સમર્થન મળે તો ભારતમાં ખેતીની પદ્ધતિઓમાં મૂળભૂત ફેરફાર આવી શકે છે.

નિષ્કર્ષરૂપે કહીએ તો, ડ્રોન હવે માત્ર આકાશમાં ઉડતું સાધન નહીં રહે, પરંતુ તે ખેડૂતના ખેતરનું એક જરૂરિયાતી સાધન બની રહ્યું છે. ટકાઉ ખેતી અને સંશોધન આધારિત કૃષિ વ્યવસ્થાપન માટે ડ્રોન એક મજબૂત પગથિયો પૂરો પાડી રહ્યું છે. આગામી સમયમાં જ્યારે કૃષિ વધુ સ્માર્ટ, ટેક્નોલોજી આધારિત અને પર્યાવરણ મિત્ર બનશે, ત્યારે ડ્રોન તેમાં મુખ્ય ભૂમિકા ભજવશે એ નિશ્ચિત છે.

**નીતિગત પહેલો અને ગુજરાતના ઉદાહરણો**

ભારત સરકારએ ખેતીમાં ટેક્નોલોજીના સમાવેશ માટે વિશેષ પ્રયત્નો કર્યા છે. "સુક્ષ્મ કૃષિ યોજના" (Precision Farming Initiative), "ડ્રોન સહાય યોજના", અને "ડિજિટલ કૃષિ મિશન" જેવી યોજના હેઠળ ખેડૂતોને ડ્રોન ખરીદવા માટે ૪૦થી ૫૦ ટકા સુધીની સબસિડી આપવામાં આવે છે. ખાસ કરીને સહકારી સંસ્થાઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs), કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો માટે ડ્રોન ટેક્નોલોજી અપનાવા માટે વધુ પ્રોત્સાહન આપવામાં આવે છે. ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ ઉદ્દેશ માટે ૧૦,૦૦૦ ડ્રોન ઉપલબ્ધ કરાવવાની યોજના પણ ઘોષિત કરવામાં આવી હતી, જેને "કિસાન ડ્રોન યોજના" તરીકે ઓળખવામાં આવે છે. નમો ડ્રોન દીદી યોજના ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક મહત્વાકાંક્ષી પહેલ છે, જેના દ્વારા ગ્રામ્ય મહિલાઓને ડ્રોન તાલીમ આપી ખેતીમાં તેનું ઉપયોગ શીખવડાવવામાં આવે છે. આ યોજનાના હેઠળ મહિલાઓને નમો ડ્રોન સેન્ટરો દ્વારા તાલીમ અપાઈ રહી છે અને તેમને આત્મનિર્ભર બનાવવાનો પ્રયત્ન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. ૨૦૨૪-૨૫ના બજેટમાં આ યોજનાને માટે રૂ. ૧૨૬ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેથી ૧૫,૦૦૦થી વધુ મહિલા ટીમોને ડ્રોન સંચાલનમાં નિષ્ણાત બનાવાઈ શકે. આ યોજના ખેડૂત બહેનોને નવી ટેક્નોલોજી સાથે જોડવાનું પગલું છે, જે ખેતીના ક્ષેત્રમાં મહિલા સશક્તીકરણને વેગ આપશે.

ગુજરાતમાં પણ ખેતી માટે ડ્રોનનો ઉપયોગ ઝડપથી વધતો જઈ રહ્યો છે. કૃષિ યુનિવર્સિટી તથા કૃષિ વિભાગ દ્વારા જિલ્લાવાર ખેડૂતો માટે ડ્રોન પ્રદર્શન કાર્યક્રમો યોજાય છે. આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પાક નિરીક્ષણ અને દવા છાંટણી માટે ડ્રોનનું સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે. મહીસાગર અને અરવલ્લી જેવા જંગલ પ્રદેશીય વિસ્તારોમાં જ્યાં પરિવહન અને ખેતરમાં પ્રવેશ મુશ્કેલ હોય છે, ત્યાં ડ્રોન થકી દવાઓ છાંટીને ઘણી

પાકોની રક્ષા કરવામાં આવી છે. રાજકોટ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં સ્થાનિક સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતને દરરોજના ભાડે ડ્રોન આપવા જેવી સેવાઓ પણ શરૂ થઈ છે, જેનાથી નાના ખેડૂતો પણ આ ટેક્નોલોજીનો લાભ લઈ શકે છે.

ગુજરાત રાજ્ય સરકાર પણ ''ઈ-કૃષિ યોજના'' અને ''સ્માર્ટ વિલેજ મિશન'' જેવા કાર્યક્રમો દ્વારા ખેતીમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા માટે ખેડૂતોને તાલીમ, સહાય અને સંસાધન પૂરાં પાડી રહી છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા ખેડૂત મેળા, તાલીમ શિબિરો અને લાઇવ ડેમો દ્વારા ડ્રોનના ઉપયોગની જાણકારી આપી ખેડૂતમાં જાગૃતિ ફેલાવી રહી છે.

આપણે જોઇએ તો, ગુજરાત હવે ખેતીમાં ડ્રોન ટેક્નોલોજી અપનાવનારા આગળ વધતા રાજ્યોમાં સ્થાન મેળવે છે. સરકારની આગવી પહેલો, સંશોધન સંસ્થાઓની મદદ અને ખેડૂતોની ટેક્નોલોજી અપનાવવાની લાગણી - આ ત્રણેનો મેળ ખેતીના ભવિષ્યને વધુ ટકાઉ અને લાભદાયક બનાવશે.

ખેતીના પરંપરાગત માળખાને ટેક્નોલોજીથી જોડીને વધુ કાર્યક્ષમ, ટકાઉ અને લાભદાયક બનાવવાનો પ્રયત્ન હાલના સમયમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. ડ્રોન ટેક્નોલોજી એ ખેતીમાં એક આવશ્યક સાધન બની રહ્યું છે, જે જમીનના સર્વે, દવા અને ખાતર છાંટણી, પાકની દેખરેખ અને ઉત્પાદનના અનુમાન જેવા અનેક કાર્યો સરળતાથી કરી શકે છે. ભારત અને ગુજરાત સરકાર તરફથી ખેતી માટે ડ્રોનના ઉપયોગમાં પ્રોત્સાહન રૂપ નીતિગત પહેલો લેવામાં આવી રહી છે. ગુજરાતમાં અનેક વિસ્તારો અને કૃષિ સંસ્થાઓ ડ્રોનના સફળ ઉપયોગથી કૃષિ ક્ષેત્રમાં નવી દિશા આપી રહ્યાં છે. જો યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને ટેક્નોલોજી ઉપલબ્ધ થાય તો ખેડૂત તકોને સફળતામાં બદલી શકે - અને ડ્રોન એ પરિવર્તનની પાંખ ધરાવતો સાથી બની શકે છે.

***ગુજરાત રાજ્ય સરકાર પણ ''ઈ-કૃષિ યોજના'' અને ''સ્માર્ટ વિલેજ મિશન'' જેવા કાર્યક્રમો દ્વારા ખેતીમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા માટે ખેડૂતોને તાલીમ, સહાય અને સંસાધન પૂરાં પાડી રહી છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા ખેડૂત મેળા, તાલીમ શિબિરો અને લાઇવ ડેમો દ્વારા ડ્રોનના ઉપયોગની જાણકારી આપી ખેડૂતમાં જાગૃતિ ફેલાવી રહી છે.***

મહિલા શક્તિ

# સહકારી ક્ષેત્રમાં મહિલાઓનું મજબૂત યોગદાન

સહકારી ક્ષેત્ર, જે સ્વ-સહાય, લોકશાહી, સમાનતા, ઈક્વિટી અને એકતાના સિદ્ધાંતો પર આધારિત છે, તે લાંબા સમયથી સામાજિક-આર્થિક વિકાસ માટે એક શક્તિશાળી સાધન તરીકે ઓળખાય છે. આ માળખામાં, મહિલાઓનું યોગદાન માત્ર નોંધપાત્ર નથી; તે ઘણીવાર સફળ સહકારી મંડળીઓ કે જે સશક્તિકરણ અને સમુદાયના ઉત્થાનના તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરે છે તેનો પાયો હોય છે.

ઐતિહાસિક રીતે, મહિલાઓએ સંસાધનો, બજારો અને નિર્ણય લેવાના પ્લેટફોર્મ્સ સુધી પહોંચવામાં વ્યવસ્થિત અવરોધોનો સામનો કરવો પડ્યો છે. સહકારી મોડેલ, તેના સામૂહિક માલિકી અને સહભાગી શાસન પરના ભાર સાથે, મહિલાઓ માટે આ પડકારોને દૂર કરવા માટે એક અનોખો માર્ગ પ્રદાન કરે છે. સહકારી મંડળીઓની રચના કરીને અથવા તેમાં જોડાઈને, મહિલાઓને ધિરાણ, ઈનપુટ્સ, તાલીમ અને બજારો સુધી પહોંચ મળે છે જે અન્યથા તેમની પહોંચની બહાર હોઈ શકે છે. આ આર્થિક સશક્તિકરણ તેમના પરિવારો માટે વધુ નાણાકીય સ્વતંત્રતા, સુધારેલા આજીવિકા અને તેમના સમુદાયોમાં ઉન્નત સામાજિક સ્થાનમાં પરિવર્તન કરે છે.

**દિપ્તી ડી. રાજપૂત**
(એમ.એ., બી.એડ.)
ગુજરાત રાજ્ય સહકારી સંઘ,
અમદાવાદ.

વિવિધ પ્રકારની સહકારી મંડળીઓમાં મહિલાઓની અસર સ્પષ્ટ છે. કૃષિમાં, મહિલા સંચાલિત સહકારી મંડળીઓ ખેતીની પદ્ધતિઓમાં ક્રાંતિ લાવી છે, ઉપજમાં સુધારો કર્યો છે અને તેમના ઉત્પાદનો માટે વધુ સારા ભાવ સુધી પહોંચવાની સુવિધા આપી છે. હસ્તકલા અને કારીગર ક્ષેત્રોમાં, સહકારી મંડળીઓ મહિલાઓને તેમની કુશળતા પ્રદર્શિત કરવા, કાચો માલ મેળવવા અને સામૂહિક રીતે તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરે છે, પરંપરાગત હસ્તકલાને જાળવી રાખે છે અને ટકાઉ આવક પેદા કરે છે. તેવી જ રીતે, નાણાકીય ક્ષેત્રમાં, મહિલા સ્વ-સહાય જૂથો અને ધિરાણ સહકારી મંડળીઓએ નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવામાં અને નાના વ્યવસાયો અને આવક પેદા કરતી પ્રવૃત્તિઓ માટે ખૂબ જ જરૂરી મૂડીની પહોંચ પૂરી પાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

વધુમાં, સહકારી મંડળીઓમાં મહિલાઓની ભાગીદારી માત્ર આર્થિક લાભોથી આગળ વધે છે. તેમની સંડોવણી ઘણીવાર મજબૂત સામાજિક સંવાદિતા અને સમુદાયના વિકાસને પ્રોત્સાહન આપે છે. મહિલાઓ તેમના પરિવારો અને સમુદાયોની સુખાકારીને પ્રાથમિકતા આપે છે, અને સહકારી શાસનમાં તેમની સક્રિય ભાગીદારીને સુનિશ્ચિત કરે છે કે નિર્ણયો આ વ્યાપક જરૂરિયાતોને પ્રતિબિંબિત કરે છે. તેઓ અનન્ય પરિપ્રેક્ષ્યો, સહયોગી અભિગમો અને સામાજિક અસર માટે મજબૂત પ્રતિબદ્ધતા લાવે છે, જે સહકારી ચળવળના એકંદર આચાર અને અસરકારકતાને સમૃદ્ધ બનાવે છે.

સહકારી મંડળીઓની લોકશાહી પ્રકૃતિ મહિલાઓને નેતૃત્વની ભૂમિકા ભજવવા અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં ભાગ લેવા માટે સશક્ત બનાવે છે. આ માત્ર તેમનો આત્મવિશ્વાસ અને કુશળતા જ નથી વધારતું પરંતુ એ પણ સુનિશ્ચિત કરે છે કે તેમના અવાજો સાંભળવામાં આવે અને તેમની જરૂરિયાતોને સંબોધવામાં આવે. પુરાવા સૂચવે છે કે નેતૃત્વમાં નોંધપાત્ર મહિલા પ્રતિનિધિત્વ ધરાવતી સહકારી મંડળીઓ વધુ સમાવેશી, પારદર્શક અને ટકાઉ વિકાસ પર કેન્દ્રિત હોય છે.

મહિલાઓની નિર્ણાયક ભૂમિકાને ઓળખીને, ઘણી સરકારો અને સહકારી સંસ્થાઓ લક્ષિત નીતિઓ અને કાર્યક્રમો દ્વારા તેમની ભાગીદારીને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે. આ પહેલોમાં તાલીમ અને ક્ષમતા નિર્માણ પ્રદાન કરવું, નાણાકીય સહાયતાની સુવિધા આપવી અને લિંગ-સંવેદનશીલ સહકારી કાયદાને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. ભારતમાં મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ (MSCS) એક્ટમાં તાજેતરના સુધારાઓ, MSCSના બોર્ડમાં મહિલાઓ માટે બેઠકોની અનામત ફરજિયાત કરવી, અને પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (PACS) માટે મોડેલ બાયલોઝમાં મહિલા ડિરેક્ટરની આવશ્યકતા આ દિશામાં મહત્વપૂર્ણ પગલાં છે.

જોકે, પડકારો હજુ પણ યથાવત છે. સામાજિક અને સાંસ્કૃતિક ધોરણો હજુ પણ મહિલાઓની સંપૂર્ણ ભાગીદારીમાં અવરોધ લાવી શકે છે, અને કેટલાક વિસ્તારોમાં શિક્ષણ અને માહિતીની પહોંચ મર્યાદિત હોઈ શકે છે. આ અવરોધોને દૂર કરવા અને એક એવું સક્ષમ વાતાવરણ બનાવવા માટે સતત પ્રયત્નોની જરૂર છે જ્યાં મહિલાઓ સહકારી ક્ષેત્રમાં સંપૂર્ણ યોગદાન આપી શકે અને લાભ મેળવી શકે.

નિષ્કર્ષમાં, સહકારી ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન માત્ર સમાનતાનો મુદ્દો નથી; તે સફળતા અને ટકાઉપણાનું મૂળભૂત ચાલક બળ છે. તેમની સક્રિય ભાગીદારી આર્થિક સશક્તીકરણને પ્રોત્સાહન આપે છે, સમુદાયોને મજબૂત બનાવે છે, સમાવેશી શાસનને પ્રોત્સાહન આપે છે અને સહકારી ચળવળના મૂળભૂત મૂલ્યો અને ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવામાં નોંધપાત્ર યોગદાન આપે છે. જેમ જેમ વિશ્વ સર્વગ્રાહી વિકાસ માટે લિંગ સમાનતાના મહત્વને વધુને વધુ ઓળખી રહ્યું છે, તેમ તેમ સહકારી ક્ષેત્ર એક શક્તિશાળી મોડેલ તરીકે ઊભું છે જ્યાં મહિલાઓની શક્તિ, સ્થિતિસ્થાપકતા અને નેતૃત્વ બધા માટે વધુ સમાન અને સમૃદ્ધ ભવિષ્યને આકાર આપવાનું ચાલુ રાખે છે.

સહકારી ક્ષેત્રમાં મહિલા સશક્તીકરણનું તાજેતરનું ઉદાહરણ નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) દ્વારા **"નંદિની સહકાર યોજના"**નું અમલીકરણ છે, જે મહિલા સહકારી સંસ્થાઓ માટે નાણાકીય સહાય, પ્રોજેક્ટ ફોર્મ્યુલેશન સપોર્ટ અને ક્ષમતા વિકાસ પ્રદાન કરે છે. આ યોજનાએ નોંધપાત્ર ભંડોળનું વિતરણ કર્યું છે, જેનાથી લાખો મહિલા સભ્યોને ફાયદો થયો છે.

અમૂલ ડેરીની સફળતામાં લાખો મહિલા પશુપાલકોનું યોગદાન નોંધનીય છે. તેઓ માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પરંતુ મંડળીઓના વહીવટ અને વિકાસમાં પણ સક્રિયપણે જોડાયેલી છે. આના પરિણામે ગ્રામીણ સ્તરે મહિલાઓનું આર્થિક સશક્તીકરણ થયું છે અને તેમના જીવનધોરણમાં સુધારો આવ્યો છે.

આ ઉપરાંત, સેવા (Self-Employed Women's Association) જેવી સંસ્થાઓએ ગરીબ અને સ્વાશ્રયી મહિલાઓને સંગઠિત કરીને તેમને આર્થિક રીતે પગભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. બચત અને ધિરાણ મંડળીઓ ચલાવવાથી લઈને પોતાના ઉત્પાદનોનું વેચાણ કરવા સુધી, મહિલાઓએ સહકારી માળખાનો ઉપયોગ કરીને સફળ ઉદ્યોગસાહસિકો તરીકે પોતાની ઓળખ બનાવી છે.

આજે ગુજરાતના સહકારી ક્ષેત્રમાં અનેક મહિલાઓ પ્રમુખ, મંત્રી અને સંચાલક મંડળના સભ્ય તરીકે સફળતાપૂર્વક જવાબદારીઓ નિભાવી રહી છે. તેઓ માત્ર પોતાના માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બની છે. સહકારી ચળવળમાં મહિલાઓનું આ સક્રિય યોગદાન ગુજરાતના વિકાસમાં એક મહત્વપૂર્ણ પરિબળ સાબિત થયું છે.

આમ, વિવિધ સહકારી ક્ષેત્રોમાં મહિલા સશક્તીકરણનાં ઉદાહરણો પૂરા પાડે

એવી કેટલીક મહિલાઓનું પણ અમૂલ્ય યોગદાન રહેલું છે, જેમાં જસવંતીબેન જમનાદાસ પોપટ, પાર્વતીબેન રામદાસ થોડાણી, ઉજમબેન નારણદાસ કુંડલીયા, ભાનુબેન એન. તન્ના, લાભુબેન અમૃતલાલ ગોકાણી, જયાબેન વી. વિઠ્ઠલાણી, દિવાળીબેન લુક્કા એવી કેટલીક મહિલાઓનો સમાવેશ થાય છે.

એવા ઈલાબેન ભટ્ટ એક પ્રખ્યાત ગાંધીવાદી અને સામાજિક કાર્યકર હતા. તેમણે ૧૯૭૨માં સેલ્ફ-એમ્પ્લોયડ વિમેન્સ એસોસિએશન (SEWA) ની સ્થાપના કરી, જે ગરીબ, સ્વ-રોજગાર કરતી મહિલાઓના અધિકારો માટે લડતું એક રાષ્ટ્રીય સ્તરનું ટ્રેડ યુનિયન છે. તેમજ ૧૯૭૪માં મહિલા સેવા સહકારી બેંક (Mahila SEWA Sahakari Bank)ની સ્થાપના કરી જે મહિલાઓ પરંપરાગત બેંકો સુધી પહોંચી શકતી ન હતી તેવી મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા અને તેમને શાહુકારોના ચુંગાલમાંથી મુક્ત કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ બેંક દ્વારા ગરીબ અને અભણ મહિલાઓને નાની લોન અને બચતની સુવિધાઓ પૂરી પાડી છે, તેમની દ્રષ્ટિ અને નેતૃત્વ હેઠળ, સેવા બેંક આજે લાખો મહિલાઓ માટે આશાનું કિરણ બની છે. તેમણે શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી ફેડરેશન લિ. (Mahila Seva Federation)ની સ્થાપનામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો, આ ફેડરેશનનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓની માલિકીની અને મહિલાઓ દ્વારા સંચાલિત ૧૦૦થી વધુ સહકારી મંડળીઓને ટેકો આપવાનો છે. આ સહકારી મંડળીઓ વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે અને તેમનો હેતુ અનૌપચારિક ક્ષેત્રની મહિલા કામદારો માટે સંપૂર્ણ રોજગારી અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો છે. તેવી જ રીતે મહિલા સેવા બેંક (Mahila Seva Bank) જે સ્વ-રોજગાર કરતી મહિલાઓને નાણાકીય સેવાઓ પૂરી પાડવા માટે સ્થપાયેલી એક અનોખી સહકારી બેંક છે. ૧૯૭૪માં માત્ર ૪૦૦૦ મહિલાઓના મહિલા દીઠ ₹૧૦ના યોગદાનથી શરૂ થયેલી આ બેંક આજે લાખો મહિલા સભ્યો ધરાવે છે. આ બેંક દ્વારા મહિલાઓને તેમના નાના વ્યવસાયો ચલાવવા માટે લોન આપે છે, તેમને બચત કરવાની સલામત જગ્યા પૂરી પાડે છે અને તેમને આર્થિક શોષણથી બચાવે છે. મોટાભાગની સભ્યો અભણ અને ગરીબ હોવા છતાં, બેંકે તેમને આત્મવિશ્વાસ અને આર્થિક સુરક્ષા પ્રદાન કરી છે. સેવા બેંકનું મોડેલ સમગ્ર વિશ્વમાં મહિલાઓના આર્થિક સશક્તીકરણ માટે પ્રેરણારૂપ બન્યું છે, તેમજ

અનુસંધાન નં. ૩૪ ઉપર

સામાજિક

# "વડીલોની વેદના : નવી પેઢીનું ઉડાવપણું"

આજે કુટુંબના વડીલોને તેના સંતાનો માટે સતાવતી અનેક સમસ્યાઓ છે. જેવી કે તેમની આજ્ઞાનું પાલન ન કરવું, તેમના પ્રત્યે આદર ન રાખવો. તેમના બચાવેલા રૂપિયાને બેફામ ઉડાવવા, વ્યવસાયથી વિમુખ રહેવું, વિચારોની ભિન્નતા વગેરે. જેને આપણે જનરેશનગેપ પણ કહીએ છીએ. જ્યારે સંતાનો કહેતા હોય છે કે મમ્મી-પપ્પા અમારી વાતને સમજી શકતા નથી, અમોને સાંભળતા નથી, તેઓ એનું જ ધાર્યું કરે છે, તેઓ જૂનવાણી માનસ ધરાવે છે. એટલે અમારે સંઘર્ષ, ખેંચતાણ, તનાવ અને મતભેદ થાય છે. આ જનરેશન ગેપના કારણે આજે કુટુંબમાં પ્રેમ, ત્યાગ, સમર્પણ વડીલોની આજ્ઞાનું પાલન, આ બધા મૂલ્યો ઘટતા જઇ રહ્યા છે. સુખ, શાંતિ, આનંદ અને આરામ આપતા ઘરો હવે અશાંત બની રહ્યા છે. હવે ભાગ્યેજ કોઇ ઘરોમાં સુખ, શાંતિ જળવાયા હશે તેવું લાગે છે.

પાંચ દાયકા પૂર્વેનું ભારતીય જીવન સાદગીને વરેલું મૂલ્ય આધારિત હતું. તેમાં ભૌતિક સુખોનું મહત્વ ન હતું. પરંતુ આજના આધુનિક યુગમાં માણસની જીવન જીવવાની રીત બદલાય ગઇ છે. મનુષ્ય સંતોષ અને સાદગીભર્યું જીવન જીવવાને બદલે પ્રદર્શનયુક્ત વૈભવી જીવન જીવતો થઇ ગયો છે. જરૂરિયાતો, ભૌતિક સાધનો અને સુખો તરફનો તેના જીવનનો અભિગમ વધ્યો છે. વ્યવહારના માપદંડો બદલાયા છે. જીવનમાં દંભ અને ખોટા ઠાઠનું મહત્વ વધ્યું છે. તેથી રૂપિયાનો વપરાશ વધતો જઇ રહ્યો છે. રૂપિયા જ સુખ અને શાંતિ અર્પે છે. તેવી માન્યતા દ્રઢ થતી જાય છે. ઘણા તો પૈસો એજ પરમેશ્વર એવી ફિલસુફીમાં રાચતા થઇ ગયા છે. આ પ્રકારનું જીવન જીવવામાં વડિલોએ કરકસર કરીને બચાવેલ રૂપિયા બેફામ વેડફાય રહ્યા છે. અવિચારી પણે બિનજરૂરી વપરાતા રૂપિયા જોઇને વડીલોને દુઃખ થાય એ બહુ સ્વાભાવિક છે. પણ અફસોસ આજે તેના દીકરા-વહુઓ કરકસરની તેના લાભની કોઇ વાત સમજવા તૈયાર નથી. તેઓને તો બસ, દેવું કરીને પણ વૈભવી જીવન જીવવું છે.

પહેલા જરૂરિયાતો ઓછી હતી અને

**નવીન વી. વાછાણી**
૩૦૧-સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ,
આસ્થા રેસિ. પાછળ, મવડી, રાજકોટ-૪,
મો. ૯૭૯૪૬૯૯૧૭

સુખ, શાંતિ વધારે હતા. હવે જરૂરિયાતો વધી છે ને સુખ, શાંતિ ઘટ્યા છે. હા સારા જીવન માટે જરૂર રૂપિયા વાપરવા જોઇએ, પણ સ્વછંદી જીવન માટે નહિ. રૂપિયા ખર્ચવામાં ખૂબ જ કાળજી રાખવાની હોય છે. પરિવારના વિકાસ માટે દાનનો વપરાશ કરવો તે દરેકનું કર્તવ્ય છે. મોટપ બતાવવા અને દુર્વ્યસનો માટે ધનનો વ્યય કરવો તે આધુનિકતા નથી, ઉડાવપણું છે. આજની યુવાપેઢીને મન કરકસરનું કોઇ મૂલ્ય રહ્યું નથી. તે રૂપિયાને વાપરવામાં જ સુખ સમજે છે. આજના અમૂક દીકરા-વહુઓ રૂપિયાનો બિનજરૂરી વપરાશ કરતા હોય છે. બિનજરૂરી કપડાં, ઘરેણાં, અન્ય ચીજવસ્તુઓ ખરીદતા રહે છે. બહારનું હોટેલનું જમવાને તેઓ સુખ અને આનંદ ગણે છે. હોટલ એ હોસ્પિટલ અને હેવન સુધી વ્યક્તિને લઇ જાય છે. તેની તેને સમજ હોતી નથી. કોઇ બાબતે સાસુ વહુંને કહેતો ઝઘડા થાય છે. ક્યારેક તો વહુ ઘર છોડીને જતા રહેવાની પણ ધમકી આપે છે. એટલે સાસુ પણ આજની વહુને કંઇ કહી શકતા નથી. પતિ કહ્યાગરો કંથ બનીને લાચાર અવસ્થામાં જીવનની ગાડી ઢસડતો રહે છે. આ બહુ જ વ્યથાજનક સ્થિતિ છે. વડીલોના કમાયેલા, બચાવેલા રૂપિયા વ્યર્થ વેડફવા ન જોઇએ. ધનનો ઉપયોગ સુખ અને સંતોષ મળે તેવા કાર્યોમાં કરવો જોઇએ. ધનનો ગમેતેમ વપરાશ કરવાથી નુકસાની વધતી હોય છે. આપણી પડતી થતી હોય છે.

આજના યુવાનો પણ બિનજરૂરી રૂપિયા વાપરવામાં અને વેડફવામાં જરાય પાછળ નથી. તેઓ બિનજરૂરી મોજશોખની વસ્તુઓ ખરીદતા રહેતા હોય છે. હવે તો ઘણા યુવાનોમાં દેખાદેખીથી તમાકુ, દારૂ જેવા નશીલા પદાર્થોનું પ્રમાણ વધતું જઇ રહ્યું છે. આ બંને પધાર્થોના વ્યસનથી વ્યક્તિ રૂપિયા અને આરોગ્ય બંને ગુમાવતા રહે છે. તમાકુના વ્યસને તો યુવાનોમાં ચારેકોર ભારે હાહાકાર મચાવ્યો છે. મોઢા ખુલતા બંધ થઇ જાય ત્યાં સુધી તેઓ વ્યસન છોડતા નથી. આર્થિક અને આરોગ્ય બંને ગુમાવતા કંગાળ બને છે. વ્યસનમાં વેડફતા ધનથી વ્યક્તિનો વિનાશ થતો હોય છે. એટલે આપણે ધનનો વિનાશકારી વપરાશ અટકાવવો જોઇએ.

આજના ભૌતિકયુગમાં દરેક વ્યક્તિની ઈચ્છા વધુને વધુ સુખ મેળવવા માટેની હોય છે. આવી ઇચ્છા રાખવી તે કોઇ ખોટુ નથી. પણ આ સુખની પ્રાપ્તિ માટે તેની પાસે સારું આરોગ્ય અને સારી આર્થિક સધ્ધરતા હોવી જરૂરી છે. તો જ તે મુશ્કેલીના સમયે આર્થિક અને સામાજિક રીતે સમાજમાં ગૌરવભર જીવી શકે છે. તેથી બિનજરૂરી ખર્ચ નહિ કરીને આર્થિક સધ્ધરતા વધારવી એ આજના

સમયમાં જરૂરી બનતું જાય છે. આ માટે આપણે રૂપિયાને કરકસરથી વાપરવા જોઇએ. બિનજરૂરી ખર્ચ કે ખરીદી ન કરીને રૂપિયા બચાવવા એ કરકસર છે. ઉડાવપણું એ કંઇ ઉદારતા નથી. ઉડાવપણું એ મનુષ્યની આર્થિક વ્યવસ્થા નબળી પાડી દે છે. જ્યારે કરકસરની આદતથી વ્યક્તિ પોતાની આર્થિક સધ્ધરતા ટકાવી શકે છે. બચાવેલા નાણાં તેને તુરંત કામ આવે છે. કોઇ પાસે માગણી કરવી પડતી નથી. પાણી, વાણી અને ધનનો કરકસરથી ઉપયોગ કરનારને ક્યારેય પસ્તાવું પડતું નથી.

આપણામાં શિક્ષણ અને સમૃધ્ધિ છે, પણ કરકસરથી જીવવાની દ્રષ્ટિ કે સમજ હજું વિકાસ પામેલી જોવા મળતી નથી. કરકસર વાવશો તો તમે સોનેરી ફસલ પામશો, તમારે કોઈના ઓશિયાળા નહિ રહેવું પડે. ધનિક પરિવારો તેના સંતાનોના લગ્ન પ્રસંગે ખરીદી, જમણવાર જેવા મોટા ભભકાદાર ખર્ચ કરે તે સમજી શકાય તેવી વાત છે. પણ મધ્યમવર્ગીય પરિવાર આ પ્રસંગે દેખાદેખીથી પોતાની જીવનભરની બચત બે-ત્રણ દિવસમાં ખોટા ખર્ચ કરીને ઉડાવી દે તે જરાયપણ યોગ્ય નથી.જે બિનજરૂરી ખર્ચ અને ખરીદીથી બચે છે તે સારી બચત જાળવી શકે છે. જે તેને જરૂરતના સમયે કામ આવી શકે છે. જે રૂપિયાની કિંમત સમજતો નથી, તેના ઘેર લક્ષ્મી પગ દેતી નથી. લક્ષ્મી પણ સ્વમાનમાં સમજે છે. આજની મોંઘવારી અને દોડધામભરી જિંદગીમાં કોઇ કોઈને મદદ કરી શકતું નથી. અને તેવી આશા રાખવી એ પણ યોગ્ય નથી. જીવનમાં સાદગી અપનાવવાથી જરૂરી બચત આપમેળે થાય છે, અને કરકસરનો ગુણ ઉપયોગી બની રહે છે.

ઘણા કરકસર અને સાદગી ભરેલા જીવનને વેદિયાપણું કહેતા હોય છે, ને ઉડાવ અને ખર્ચાળ જીવનને આધુનિકતા ગણતા હોય છે. આ વાત સ્વીકારવા જેવી નથી. કરકસરયુક્ત સાદા જીવનમાં જ હંમેશા સારા જીવનનાં અંશો રહેલા હોય છે. સાદાઈથી મનને સ્વસ્થ સાત્વિક આનંદ મળે છે. ઈશ્વર પણ સાદાઈમાં વસે છે. સાદાઇ અને કરકસર વ્યક્તિને ઉન્નતિના શિખર સુધી લઇ જાય છે. આ બંને ગુણો અપનાવવા એ આજના સુખમય જીવન માટે ખૂબ જરૂરી છે. તેના અમલીકરણમાં કાયમ સુખ અને સુખ જ છે. આજની યુવાપેઢીએ પોતાના સારાં જીવન માટે આ સમજવું જોઇએ.

‘‘જીવન રાખો સાદું, ખાવામાં રાખો આદુ,
પછી જૂઓ જીવનમાં, એ બેયનો જાદુ.’’

**— ગાંધીજી**

‘‘સાદા કપડાં પહેરવા, માથે ન કરવું ઋણ,
સાદું જીવન જવવું, એ મોટો સદ્ગુણ.’’

**— અજ્ઞાત**

કલાઈમેન્ટ ચેન્જ

# દુનિયાને બચાવવા કાર્બન ડાયોક્સાઈડનો જથ્થો દરિયામાં ઠાલવવા અનોખો ઉપાય

સમગ્ર વિશ્વ જેનાથી ચિંતિત છે એ ક્લાઈમેટ ચેન્જની દુનિયાને કઈ રીતે બચાવી શકાય તેના નીતનવા ઉપાયો વિચારવામાં આવી રહ્યાં છે. દરેક બેઠકોમાં તેની ચર્ચા થાય છે. જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વી પર અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે. પરંતુ જ્યારે પણ તેની સાથે વ્યવહાર કરવાની વાત આવે છે. ત્યારે ગ્રીનહાઉસ વાયુઓ, ખાસ કરીને કાર્બન ડાયોક્સાઈડને તેનું મુખ્ય કારણ માનવામાં આવે છે. તેથી જ વિશ્વભરના દેશોને ઝીરો કાર્બન નીતિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

વૈજ્ઞાનિકો અને તેમના સંશોધનો પણ વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ (સીઓટુ રિડકેશન ફોર્મ એટમોસ્ફિયર) ઘટાડવાના પ્રયાસો પર ભાર મૂકવાની વાત કરી રહ્યા છે. આ માટે એન્જિનિયરોએ કાર્બન ડાયોકસાઈડને ઊંડા સમુદ્રમાં દફનાવવાનો મહત્વાકાંક્ષી પ્રસ્તાવ મૂક્યો છે. ઘણા બધા વિકલ્પો પૈકી, સંશોધકોને હવે વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઇડ ઘટાડવાની ખૂબ મોટી રીતો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. જેમાં મહાસાગરોને એક પ્રકારનું ખાતર પૂરું પાડવા જેવી તકનીકોનો સમાવેશ થાય છે; જે હવામાંથી કાર્બન ડાયોકસાઈડના વિશાળ પ્રમાણને દૂર કરી શકે છે.

યુ.એસ.ના ઉર્જા વિભાગની પેસિફિક નોર્થવેસ્ટ નેશનલ લેબોરેટરીના પૃથ્વી વૈજ્ઞાનિક માઇકલ હોચલા કહે છે કે, સમાન ઉકેલ એ સમયની જરૂરિયાત છે. વધતા તાપમાન સામે લડવા માટે આપણે વૈશ્વિક સ્તરે કાર્બન ડાયોકસાઈડનું સ્તર ઘટાડવું પડશે. કાર્બન ડાયોકસાઇડ સ્ટોરેજ ટ્રફ તરીકે મહાસાગરો સહિતના તમામ વિકલ્પો પર વિચાર કર્યા પછી, અમને અમારા ગ્રહને ઠંડું કરવાની અમારી શ્રેષ્ઠ તક મળી છે. કુદરતી રીતે એવું પણ નથી કે, કાર્બન ડાયોકસાઈડ મહાસાગરોના ઊંડાણમાં ન જાય. તેના બદલે

તે કુદરતી રીતે થાય છે. મહાસાગરોની સપાટી પર રહેતા ઘણા પ્રકારના સુક્ષ્મજીવોને ફાયટોપ્લાંકટોન કહેવામાં આવે છે. આ સુક્ષ્મસજીવો વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ શોષી લે છે અને તેને ઊંડા સમુદ્રમાં લઇ જવાની પ્રક્રિયાનો મુખ્ય ભાગ બને છે.

સુક્ષ્મ સજીવોને ગુણાકાર કરવા માટે લોખંડ જેવા ખનિજોની જરૂર પડે છે. પરંતુ તે પાણીની સપાટી પર તરતા જીવોને મર્યાદિત માત્રામાં ઉપલબ્ધ છે, જેના કારણ ફાયટોપ્લાં ટોનનો વિકાસ મર્યાદિત છે. તેથી, જેમ જમીનના છોડના પ્રકાશ સંશ્લેષણ સજીવો ખાતરનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવે છે, તેમ સૈધ્ધાંતિક રીતે મહાસાગરોમાં પણ શક્ય છે.

એક સમયે, વ્હેલ ઘણા બધા કુદરતી ખાતરને કચરા તરીકે દૂર કરતી હતી. જે આ પ્લાન્કટોન માટે ખોરાક તરીકે સેવા આપે છે. પરંતુ વ્હેલની સંખ્યામાં ઘટાડો થાય તે પહેલાં, ફાયટોપ્લાંકટન આ પ્રક્રિયામાં દર વર્ષે વાતાવરણમાંથી ૨ મિલિયન ટન કાર્બન ડાયોકસાઇડ ઘટાડતું હતું. જે હવે માત્ર ૨ મિલિયન ટન છે.

તેથી કૃત્રિમ ખાતરો ઉમેરવાથી આ સૂક્ષ્મજીવોની વૃધ્ધિ ઝડપી બનશે, જેના કારણે તેમની સંખ્યા વધવા લાગશે. અને જેમ જેમ તેઓ મૃત્યુ પામશે તેમ તેમ હવામાંથી કાર્બન ડાયોકસાઈડ વધુ માત્રામાં મહાસાગરોમાં જવા લાગશે. આવી સ્થિતિમાં, ઘણો કાર્બન ડાયોકસાઈડ મહાસાગરોના તળિયે જવાનું શરૂ કરશે. જે મોટાભાગે માનવ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્સર્જિત થાય છે. આ રીતે આપણે તે અંતરને ભરી શકીએ છીએ. આ ઉણપ આપણા કાર્બન ડાયોકસાઈડના ચક્રને તોડવાને કારણે ઊભી થઇ છે.

સંશોધકોનું કહેવું છે કે, પાણીની સપાટી પર લાંબા સમય સુધી રહી શકે તેવા પોષક તત્વોની જરૂર છે. જેમ કે, આયર્ન ઓકસાઇડ જેવા નેનોપાર્ટીકસલ જે કુદરતી રીતે ખાતર તરીકે કામ કરે છે. લીડ્ઝ યુનિ.ના બાયોજીયોકેમિસ્ટ પેઈમન બાબાખાને અને સહકર્મીઓએ કેટલાક ખૂબ જ નાના કણો શોધવા માટે ૧૨૩ અભ્યાસોની સમીક્ષા કરી જે કુદરતી રીતે બનતા નેનોઓર્ટિકલ તરીકે કાર્ય કરી શકે.

કોલસાના ઉપયોગને તબક્કાવાર બંધ કરવાના વધતા જાત કોલ વચ્ચે, ભારતે ઈજિપ્તમાં યુએન કલાઈમેટ વાટાઘાટો (સીઓપીર૭)માં મજબૂત વલણ અપનાવતા કહ્યું હતું કે, કોઈપણ એક ઈંધણને 'ખલનાયક' બનાવવું અયોગ્ય છે. કારણ કે, કુદરતી ગેસ અને તેલ પણ કાર્બન ઉત્સર્જનનું મુખ્ય કારણ બને છે. સીઓપી ૨૭ દરમિયાન તેનો હસ્તક્ષેપ કરીને, ભારતે નિર્ણયમાં અમૂક મુદ્દાઓનો સમાવેશ કરવાનું સૂચન કર્યું, અને કહ્યું કે, પેરિસ કરારના લાંબા ગાળાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તમામ અશ્મિભૂત ઈંધણમાંથી તબક્કાવાર બહાર નીકળવું જરૂરી છે.

કાર્યવાહી અને ભારતના હસ્તક્ષેપથી પરિચિત સૂત્રોનું માનવું છે કે, નવી દિલ્હીએ વૈશ્વિક સ્વચ્છ ઉર્જા સંક્રમણને રાષ્ટ્રીય સંજોગો અનુસાર વેગ આપવા વિનંતી કરી હતી અને ઉમેર્યું હતું કે, 'તમામ અશ્મિભૂત ઈંધણ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ફાળો આપે છે.' ભારતે અન્ય દેશોને પણ ટકાઉં વપરાશ અને ઉત્પાદન પર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૧૨ પર વિચારણા કરવા અને આબોહવા-સ્થિતિસ્થાપક જીવનશૈલી માટે વૈશ્વિક જન ચળવળને પ્રોત્સાહન આપવા આમંત્રણ આપ્યું હતું. ભારતીય પક્ષે નોંધ્યું હતું કે, ઉત્સર્જન માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ વિજ્ઞાનમાં હજુ સુધી કોઈ આધાર નથી.

***કૃત્રિમ ખાતરો ઉમેરવાથી આ સૂક્ષ્મજીવોની વૃધ્ધિ ઝડપી બનશે, જેના કારણે તેમની સંખ્યા વધવા લાગશે. અને જેમ જેમ તેઓ મૃત્યુ પામશે તેમ તેમ હવામાંથી કાર્બન ડાયોકસાઈડ વધુ માત્રામાં મહાસાગરોમાં જવા લાગશે. આવી સ્થિતિમાં, ઘણો કાર્બન ડાયોકસાઈડ મહાસાગરોના તળિયે જવાનું શરૂ કરશે. જે મોટાભાગે માનવ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્સર્જિત થાય છે. આ રીતે આપણે તે અંતરને ભરી શકીએ છીએ. આ ઉણપ આપણા કાર્બન ડાયોકસાઈડના ચક્રને તોડવાને કારણે ઊભી થઈ છે.***

જીવનબોધ

# સતત ક્રિયાશીલતાનો સંદેશ આપતું જંતુ (સજીવ) કીડી

"મારૂં નામ કીડી હું આઠ માળ ચડી તો પણ હું હાંફી નહીં ને, પડી તો છેક નીચે ગઇ પણ મરી નહીં, મારું બળ મારી ગતિ હું ચાલું ધીમી પણ દોડું પુરપાટ"

સ્વામી વિવેકાનંદનો પ્રેરણાદાયક વિચાર"ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. ને સમર્થન કરતી સતત ક્રિયાશીલતાનો સંદેશ આપતી ઉક્ત કીડીબેનની વાત, આપણા હૃદયને સ્પર્શી જાય છે. માનવ જાતને સૌથી વધુ પરિચિત કીડી એ કીટક જંતુ છે. સામાન્ય રીતે કીડી બધેજ જોવા મળે છે. કીડીનું ૧૨૦૦૦ થી વધું જાતિઓનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. કીડી સામાન્ય રીતે જમીનમાં દર બનાવી કે કોઈપણ પોલાણવાળા ભાગમાં પોતાનું રહેઠાણ બનાવી રહે છે. તેને કીડીયારું કહે છે. આપણા પૂર્વજો એ કીડીયારા પુરવાના કામને પુણ્ય કર્મ ગણાવ્યું છે. આથી જ કહે છે. "કીડીને કણ અને હાથીને મણ" જેવી જેની જરૂરિયાત તે પ્રમાણે ઈશ્વર સહુને આપે છે.

કીડી કદમાં નાની, રંગમાં શ્યામ કે લાલ મંકોડાથી ઘણી નાની-કીડી સ્વયમ્ શિસ્તનો પર્યાય, હરોળમાં ચાલવાની તાલીમ તેને કોણે આપી હશે ? સામ સામે આવતી કીડીનું બારીક નિરક્ષણ કરીએ તો લાગે કે તેણી એકબીજાને રામ રામ કરી આગળ વધે છે. આપણે વિચારીએ કે કીડીની આંખોમાં રહેલી કીકી કેવડી હશે ? કીડીનું હૃદય, ફેફસાં પણ કેટલા કેવા નાના હશે ? સર્જન હારની અદ્ભૂત રચના કહી શકાય. ઈશ્વરના સર્જન અંગે શ્રી કાગબાપુ કહે છે."

પૃથ્વી તણો, પીંડો કર્યો, એની રજ એ લાવતો ક્યાંથી હશે ?

કીડી માત્ર સાકર, ખાંડ, ગોળ જેવી મધુરતા જ આરોગે છે. છતા ડાયાબીટીસ તેને થતો નથી. કારણ તે સતત ચાલતી રહે છે કીડીને ગળપણના સંકેતો પણ પૂરા, કીડી જાત બહેન ને વાત કરતી હશે ?  કીડી નિમંત્રણ વગર ગળપણની મહેંક આવતા તે દિશા તરફ ગતિ કરતી હશે ? કોના રે અણસારે ચઢતી રાયરાય કીડી મેડી, મેડી ઊપર મોરસ દાણો દીવા જેવો દીઠો ? આથી જ કવિ ગાય છે.

**વિનોદ એમ. મકવાણા**
"પંચવટી" અમીપાર્ક, બી-૧ની બાજુમાં,
૧૫૦ ફીટ રીંગ રોડ, પી.વી.મોદી સ્કૂલ નજીક,
રાજકોટ, મો. ૯૪૨૭૨૦૦૦૯૬

"તજી દે છે પ્રાણ ગળપણ સારું,
મીઠાસમાં કીડી મરે છે હજારે,
નિયમ ધર્મ કીડી બેનનું એવું,
મરી જઈશ પણ નહીં તેવું.

કીડીના સ્વભાવગત ગુણોનો અભ્યાસ કરતા તેમાંથી માનવજાતને શીખવા જેવી અનેક બાબતો છે. જેમ કે.

(૧) કીડીની યાત્રામાં કાંટા, કંકર, પર્વત ખીણ, કૂવો વિગેરે આવે તો પણ ધીરજથી પાર કરે છે. કૂવાની ઊંડાઈ જોઈને ડુબકી જમીનથી કે પર્વત શિખર ઉંચાઈ જોઈને ડરી પણ જતી નથી

(૨) કીડી સતત પ્રવૃત્તિને વરેલી છે સદા પ્રવૃત્ત રહેવું એજ એને મન જીવન છે. કોઈ કીડીને નવરી બેઠેલી કોઈ દિવસ જોઈ છે. ખરી ?

(૩) કીડી કોઇ દિવસ કોઇનો છેક કરતી નથી. ટીકા ટીપ્પણ કરતી નથી પરંતુ સતત પરિશ્રમ કરી શિખરે પહોંચે છે. છતાં અભિમાન કરતી નથી.

(૪) કીડી મોતને મૂઠીમાં લઈને ફરે છે. ક્ષણે ક્ષણે ખતરો-મૃત્યુનો ભય હોવા છતાં, દરમાં બેસી ન રહેતા, પોતાનું કર્મ કર્યા જ કરે છે. આથી કર્મનિષ્ઠ - તાલીમ પામેલ સૈનિકનું બિરૂદ મેળવેલ છે.

(૫) કીડી સ્વાર્થી નહીં પણ બધાને સાથે રાખીને ખાય છે. "અન્ન ભેગા એનાં મન ભેગા" આથી જ સાપ જેવા હિંસક પ્રાણીને પણ ઝાઝી કીડીઓ ભારે પડે છે. સંપ ત્યાં જંપ અભિમાની હાથીના કાનમાં ઘુસી જઈને હાથીને પજવી તેનું અભિમાન ઉતારી શકે છે. આમ સહકારિતાનો પાઠ પણ આમાંથી પ્રાપ્ત થાય છે.

આપણા રોજબરોજના વ્યવહાર લોક બોલીમાં કીડીબેન રેફરન્સ આપીએ છીએ. જેમ કે (૧) "કીડી ઉપર કંટક આવ્યું" એટલે કે સામાન્ય હેતું સિધ્ધ કરવા જતા બિનજરૂરી મથામણ કરવાની આવે ત્યારે આ કહેવાય છે. (૨) એકની મહેનતનું બીજો ખાય ત્યારે કહે છે. "કીડી સંચરેને તેતર ખાય" (૩) "કીડીનું નાનું મોં મોટું કાલીન્દુ ના ખાઈ શકે" નાનો માણસ જલ્દી રાજી થાય. આથી વિરૂધ્ધ "કીડીના મોઢે લાડવો ન મૂકાય" (૪) કીડીને ચાલવા જેટલીય જગ્યા નથી" ખૂબ જ ભીડ માટે આ ઉક્તિ વપરાય છે. (૫) "કીડીને પાંખો આવી" જેવો પ્રયોગ મૃત્યુ નજીક આવ્યું તેવો અર્થ આપેલ છે. (૬) કીડી ઊપર એક કોગળો પાણી નાખો એટલે એને મન પુર આવ્યા જેવું લાગે એટલે માણસનાં કરતૂતો તેની હત્યા કરે છે. આમ કોઇ કાર્ય કરતા પહેલા સાવચેતી જરૂરી છે.

આપણા લોક કવિ ભોજા ભગતે માર્મિક-ભજનમાં પણ કીડીબેનનો ઉલ્લેખ કરી માનવ જીવનનો મર્મ સમજાવે છે.

''કીડી બિચારી કીડલીને
કીડીના લગનીયાં લેવાય
પંખી પારેવડાંને નોતર્યા,
કે કીડીને આપ્યા સન્માન,
હાલોને કીડીબાઈની જાનમાં....

કીડીરૂપી જીવાત્મા માનવ જીવનનો ઉદ્દેશ પરમાત્મા તરફ જવાનું છે. જીવને શીવ સાથે લગ્નથી જોડવાનો છે. એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદનો ત્યાગ કરી, ઈશ્વર સ્વરૂપ બનવાનું છે. જીવન રૂપી યાત્રામાં અનેક સારા-નરસા માણસો મળશે ત્યારે આપણા સ્વભાવમાં ફેરફાર કરી, અહંકાર ત્યજી દરેકને પરમાત્માનું સ્વરૂપ માની સહર્ષ સ્વીકાર કરી, જીવન જીવવાનું છે. સરકી જવાનું નથી. કારણ વાંદરા રૂપી કાળ ક્યારે આપણને ઊપાડી લે તે કહેવાય નહીં ? આખા બ્રહ્માંડમાં આપણું વજુદ કીડીની જેટલું જ છે. જેથી કીડી જેમ કર્મનિષ્ઠ બનાવાનું છે.

કીડીના જીવનમાંથી આપણે પ્રેરણા લેવાની છે. કીડી શક્તિ શાળી હોવાને કારણે જ ધરતીની જેમ એનો નારી જાતિમાં જ ઉલ્લેખ થાય છે. એક માન્યતા મુજબ કીડીઓનું વારંવાર ઘરમાં આવવું ભવિષ્યમાં ઘટનારી ઘટનાઓનો સંકેત છે. કાળી કીડી શુભ ગણાય છે. લાલ કીડી અશુભ ગણાય છે. આવા કીડીબેન અંગે કવિ કહે છે.

''એક એક કણ ને ભેગો કરનાર,
કીડી અગાધ પરિશ્રમ કરે એવો.
માટીમાંથી કણ કણ વીણી લાવે
જરૂરિયાતથી વધુ બચાવે એવો
જાનની હોતી નથી તેને કિંમત
તેની હિંમત જોઈ લોક કહે વાહ વાહ''

---

**અનુસંધાન નં. ૨૫ પરનું ચાલુ**

માલતીબેન ચૌધરી ગુજરાતના સહકારી ક્ષેત્રે એક જાણીતું નામ છે, જોકે તેમનું કાર્ય મુખ્યત્વે પશુપાલન અને કૃષિ ક્ષેત્રે રહ્યું છે. તેમણે સહકારી ધોરણે મહિલાઓને સંગઠિત કરીને ડેરી ઉદ્યોગ અને પશુપાલનમાં તેમની ભાગીદારી વધારવા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા. તેમનું કાર્ય ગ્રામીણ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને સહકારી ભાવનાને મજબૂત કરવામાં ખૂબ જ મહત્વનું રહ્યું છે.

ગુજરાતની સહકારી ચળવળમાં મહિલાઓએ શરૂઆતથી જ સક્રિય અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ઘરની ચાર દીવાલો વચ્ચે સીમિત રહેતી સ્ત્રીઓએ સહકારી મંડળીઓના માધ્યમથી આર્થિક અને સામાજિક ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે. દૂધ ઉત્પાદનથી લઈને બચત જૂથો અને અનેક પ્રવૃત્તિઓમાં મહિલાઓએ નેતૃત્વ કરીને સફળતાના નવા શિખરો સર કર્યા છે.

## ‘સહકાર’ પાક્ષિક અને ‘ગ્રામસ્વરાજ’ માસિકના જાહેરાતના દર

**તા. ૧-૧૦-૨૦૨૪ થી**

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | ૭ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૪૦,૦૦૦/– | ૯૦,૦૦૦/– |
| ૩. પા પાના | ૩,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૫,૦૦૦/– |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૪૦,૦૦૦/– |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

**‘સહકાર’ વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન – ૪ | ૪૦,૦૦૦/– |
| ૨. | ટાઈટલ પાન – ૨ / ૩ | ૨૫,૦૦૦/– |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/– |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/– |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/– |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/– |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| ‘ગ્રામસ્વરાજ’ માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન – ૪ | ૫,૦૦૦/– | ૫૦,૦૦૦/– |
| ૨. ટાઈટલ પાન – ૨ / ૩ | ૪,૦૦૦/– | ૪૦,૦૦૦/– |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/– | ૨૦,૦૦૦/– |
| ૫. પા પાન | ૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૬. શુભેચ્છા | ૫૦૦/– | ૫,૦૦૦/– |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-05-2025)

## ૫ જૂન, ૨૦૨૫ વિશ્વ પર્યાવરણ દિવસ - પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ જૂને ઉજવવામાં આવે છે. આ દિવસ પર્યાવરણીય મુદ્દાઓ પર જાગૃતિ લાવવા અને પગલાં લેવા માટેનું એક વૈશ્વિક પ્લેટફોર્મ છે. જે વ્યક્તિઓ અને સમુદાયોને પર્યાવરણીય સંરક્ષણ તરફ સક્રિય પગલાં લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

વિશ્વ પર્યાવરણ દિવસ એ યાદ અપાવે છે કે આપણા ગ્રહનું કલ્યાણ આપણા હાથમાં છે. તે આબોહવા પરિવર્તન, વનનાબૂદી, પ્રદૂષણ અને જૈવવિવિધતાના નુકસાન જેવા પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટે સામૂહિક પગલાંના મહત્વ પર ભાર મૂકે છે. આપણે આપણા ઈકોસિસ્ટમનું રક્ષણ અને પુનઃસ્થાપન કરવા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા અને આપણા જીવનના દરેક પાસામાં ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવું એ આપણાં હાથમાં છે.

૨૦૨૫ના વિશ્વ પર્યાવરણ દિવસની મુખ્ય વિષય વસ્તુઃ- ‘‘પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો’’ રાખવામાં આવી છે. કારણ કે, વૈશ્વિક સ્તરે, દર વર્ષે અંદાજે ૧૧ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો જળચર ઈકોસિસ્ટમમાં લીક થાય છે, જ્યારે કૃષિ ઉત્પાદનોમાં પ્લાસ્ટિકના ઉપયોગને કારણે ગટર અને લેન્ડફિલ્સમાંથી જમીનમાં માઈક્રોપ્લાસ્ટિક એકઠા થાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણનો વાર્ષિક સામાજિક અને પર્યાવરણીય ખર્ચ US$૩૦૦ બિલિયન અને US$૬૦૦ બિલિયન વચ્ચે છે. દાયકાઓથી, પ્લાસ્ટિક પ્રદૂષણ વિશ્વના દરેક ખૂણામાં ફેલાયું છે, આપણે જે પાણી પીએ છીએ તે પાણીમાં, આપણે ખાઈએ છીએ તે ખોરાકમાં પ્લાસ્ટિક છે. તેણે આપણા શરીરમાં પણ માઈક્રોપ્લાસ્ટિકના રૂપમાં પ્રવેશ કર્યો છે. આથી પ્લાસ્ટિક પ્રદૂષણ એક મુખ્ય ચિંતાનો વિષય છે, જે આજના પર્યાવરણીય પડકારોમાં ઉકેલી શકાય તેવા પડકારોમાંનો એક છે.

આથી વિશ્વ પર્યાવરણ દિવસ પ્લાસ્ટિક પ્રદૂષણની અસરો પર વધતા વૈજ્ઞાનિક પુરાવાઓ પર પ્રકાશ પાડશે અને પ્લાસ્ટિકના ઉપયોગને નકારવા, ઘટાડવા, પુનઃઉપયોગ, રિસાયકલ અને પુનર્વિચાર કરવા માટે ગતિશીલ બનશે. તે વૈશ્વિક પ્લાસ્ટિક પ્રદૂષણ સંધિ દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણને સમાપ્ત કરવા માટે ૨૦૨૨માં કરવામાં આવેલી વૈશ્વિક પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવવામાં આવશે. એવો સંદેશ યુનો દ્વારા આપવામાં આવ્યો છે.

પ્લાસ્ટિક પ્રદૂષણ ત્રિવિધ ગ્રહીય કટોકટીની ઘાતક અસરોને વધારે છેઃ આબોહવા પરિવર્તનનું સંકટ, પ્રકૃતિ, જમીન અને જૈવવિવિધતાનું નુકસાન, અને પ્રદૂષણ અને કચરાના સંકટ. વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ પ્લાસ્ટિક પ્રદૂષણનો સામનો કરવા માટે સામૂહિક પગલાં લેવાની હાકલ કરે છે. આ દિવસે આપણે પણ પ્લાસ્ટિક કોથળીઓ ન વાપરવાનો સંકલ્પ કરીએ.

— ડૉ. કિશોર સાધુ

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza, B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat